# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૬ | ૫ | ૧૪-૦૮-૨૦૧૨ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

અમીત વ. પારેખ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


# દીકરી

**તંત્રી સ્થાનેથી**

અશોક અને અનિલાના પ્રેમ લગ્ન હતાં. બન્ને જણાનો પરિચય કોલેજકાળમાં થયો હતો અને પ્રથમ પરિચય પછી છેક આઠ વર્ષે પરિણય રૂપે તેઓ એકબીજાના જીવનસાથી બન્યા. અશોક પહેલેથી જ હોંશિયાર. કોલેજના ભણતર પછી બાપાની તૈયાર ગાદી પર બેસવાને બદલે તેણે MBA કર્યું અને એક મોટી કંપનીમાં કામ પર લાગી ગયો. અનિલા થોડી ગભરૂ ખરી પણ અશોક હંમેશા કહેતો,'તું સ્ત્રી છે તેથી શું થઈ ગયું. તને તારા નિર્ણયો લેવાની છુટ હોવી જ જોઈએ. મા-બાપને દુઃખ પહોંચાડવાની વાત નથી પરંતુ તારું પોતાનું વ્યક્તિત્વ હોવું જ જોઈએ. તારા વ્યક્તિત્વનો વિકાસ થવો જ જોઈએ.' અનિલામાં થોડો ઘણો આત્મવિશ્વાસ આવ્યો. નાના નાના નિર્ણયો એ જાતે લેતી થઈ અને પ્રેમ લગ્નના મોટા નિર્ણયને મક્કમપણે વળગી રહી. પરંતુ બાળપણથી સંકુચિત કુટુંબમાં રહી હોવાથી હજી પણ અશોકની 'મારી વ્હાલી ગભરૂ સસલી' જ બની રહી.

લગ્નબાદ અશોકની કંપનીના ફ્લેટમાં બન્ને જણાનો ઘરસંસાર શરૂ થયો અને ચાર વર્ષ બાદ એક પછી એક બે દીકરીઓએ તેઓને ત્યાં જન્મ લીધો. મોટી શ્રેયા અને નાની નેહા. અશોકને ક્યારેય દીકરો ન હોવાનો અફસોસ નહોતો. એને મન તો દીકરો હોય કે દીકરી, એક સ્વંતત્ર વ્યક્તિત્વ હતું. પોતાની ઈચ્છાઓ સંતોષવાનું કે પોતાનો વંશવેલો આગળ વધારવાનું સાધન નહોતું, કે નહોતી બુઢાપાની લાકડી. બન્ને દીકરીઓને અશોક અનિલાએ પુષ્કળ પ્રેમ આપ્યો અને ખાસ તો આપ્યું બહું ઓછું જોવા મળતું મુક્ત વાતાવરણ. આ પ્રેમભર્યા વાતાવરણમાં શ્રેયા અને

નેહાનું વ્યક્તિત્વ ખીલવા લાગ્યું. બન્ને જણા નૃત્ય પણ શીખ્યા અને કરાટે પણ. વારતહેવારે મંદિરે જતાં, ઘરમાં પુજા પણ કરતાં અને મોટા થઈને ડીસ્કોમાં પણ જતાં. અનીલા તેઓને રામાયણ, મહાભારતની વાતો કરતી તો અશોક દુનિયાભરના સફળ માણસોની, તત્વચિંતકોની વાતો કરતો. નેહા કવિતા લખતા તો શ્રેયા રોજનીશી લખતાં લખતાં પરિપકવતા તરફ જવા લાગી. પણ કાર્ટુન ફિલ્મો જોવાના શોખથી બન્નેએ પોતાની બાળસહજ મુગ્ધતા પણ જાળવી રાખી. શ્રેયાએ કોલેજના અભ્યાસ પછી કોમ્પ્યુટરમાં પોતાની કારકિર્દી આગળ વધારવાનો નિર્ણય કર્યો અને પોતાના મા-બાપની જેમ પ્રેમ લગ્ન કરીને અમેરિકામાં સ્થાયી થઈ ગઈ. નેહા જરા જુદી જ માટીની હતી એને કવિતાની જેમ પોતાની એક અલગ દુનિયા હતી. એના વિચારોની, એકની કલ્પાનાઓની દુનિયા, કલ્પાનાનું ઘર, કલ્પનાની ઓફિસ અને કલ્પનાની શાળા. આ કલ્પનાની દુનિયા એને આર્કીટેકચર તરફ લઈ ગઈ અને ત્યાં નેહાએ પોતાની કલ્પાનાઓને વાસ્તવિકરૂપ આપવાનું શરૂ કર્યું. બહેનના ઘરે અમેરિકા જવાનું થયું ત્યારે અશોકના સજેશનથી દુનિયાનો અનુભવ લેવા તે એકલી અમેરિકા યુરોપના પ્રવાસે ઉપડી ગઈ અને પોતાની કલ્પાનાઓને દુનિયાભરના સ્થાપત્ય નમુનાઓ જોઈ એને વિશાળ બનાવી, બેકપેક લઈને પ્રવાસે નીકળી પડેલી નેહાએ દુનિયાભરના કેટલાંયે મિત્રો બનાવ્યાં અને પ્રવાસની કેટલીક મુશ્કેલીઓનો પણ સફળતાપૂર્વક સામનો કર્યો. આ પ્રવાસે એના વિચારોને વધુ વિશાળ અને વધુ મેચ્યોર બનાવ્યાં.

કુણાલ બે છોકરા અને બે છોકરીવાળા નાણાવટી કુટુંબનું સૌથી નાનું સંતાન, બે ત્રણ ફેકટરીઓ અને વિશાળ ઘર ધરાવતું નાણાવટી કુટુંબ જ્ઞાતિમાં આગળ પડતું ગણાતું. પૈસાની દૃષ્ટિએ જ નહીં દાનધર્મમાં પણ આ કુટુંબની નામના હતી. કુણાલે એન્જીનીયરીંગ વીથ એમ.બી.એ.ની ડીગ્રી લઈને કુટુંબના વિશાળ સામ્રાજ્યનું કામ મોટાભાઈ તથા પિતાની સાથે સંભાળવાનું શરૂ કરી દીધું હતું.

આવા આગળ પડતાં કુટુંબના ભણેલા ગણેલા સ્માર્ટ કુણાલનું માગું જ્યારે નેહા માટે આવ્યું ત્યારે અશોક અને અનિલાના આનંદનો પાર ન રહ્યો. નેહાને પણ કુણાલ ગમી ગયો અને આમ નેહાના લગ્નજીવનનો પ્રારંભ થયો

થોડા મહિના હરવા ફરવામાં કુનાલના મિત્રો, સંબંધીઓને મળવામાં ક્યાં વીતી ગયા એની નેહાને ખબર જ ના પડી. પરંતુ બે મહિના બાદ નેહા મુંઝાવા લાગી. ઘરમાં રસોઈઓ, બાઈ અને ઘર નોકર હોવાથી કંઈ કરવાનું રહેતું નહોતું. હા, એ શોખ ખાતર મહારાજને રસોઈમાં મદદ કરતી કે ઘરની સજાવટ નવેસરથી કરવામાં રસ લેતી પણ એમાં આખો દિવસ કેમ જાય ? સાસુની સાથે એ રોટરી કલબ, ઈનર વ્હીલ કલબની મહિલાઓની મીટીંગોમાં જઈ આવી પરંતુ ત્યાં એને રસ ના પડયો. નેહાએ જેઠાણીની ટાઈમ પાસની રીતો પણ જોઈ. સેલમાં વી.આય.પી. પાસ લઈને વગર જોઈતી સાડીઓ કે ડ્રેસ કબાટમાં ભરવાનાં કે પછી સાબુ સાથે ફ્રી બાલદી મળતા વર્ષભરનો સ્ટોક ભરવામાં શું સંતોષ થાય એ નેહાને ન સમજાયું. કીટી પાર્ટીઓ અને બ્યુટીપાર્લરમાં જઈને સ્ટેટસ બતાવવાનું પણ એને ન ગમ્યું. મહિલા મંડળમાં પણ નેહાએ ટ્રાય કરી જોઈ પણ લ્હાણી માટે કે નાસ્તા માટેનો ધસારો જોઈને જ ડરી ગઈ એને મનમાં દુઃખ પણ થયું કે આટલી મોટી સ્ત્રી શક્તિ આટલા વર્ષોથી ફક્ત ટાઈમપાસ કે મનોરંજન માટે જ ભેગી થાય છે ? આટલું મોટું સંગઠન ધારે તો મેડીકલ સેન્ટરને બંધ થવામાંથી ઉગારી શકે, હોસ્પિટલનો વહીવટ સુધારી શકે, ગામની બહેનોને ઉપર લાવવા

માટે વિવિધ કોર્સ ચલાવી શકે. મોટી બહેનોને અંગ્રેજી કે કોમ્પ્યુટરનું શિક્ષણ અપાવી શકે વગેરે વગેરે ઘણું બધું નહેના મનમાં ઉભરાઈ ગયું પણ સાસુએ કહ્યું નેહા આ બધી મગજમારીમાં ન પડતી જે બદલાવા માંગતા જ નથી એને તું એકલી કંઈ બદલી શકવાની નથી.

ઘરમાં નેહા મુંઝાવા લાગી. કુનાલે એને ઓફિસે આવવાનું સુચન કર્યું. નેહા દિવસના છ કલાક ઓફિસે જવા લાગી પરંતુ ઓફિસમાં થોડી ઘણી દેખરેખ કે રૂટીન ઈ-મેઈલ લેવામાં, જવાબો આપવામાં એને ખાસ રસ ન પડયો. એને કંઈક ક્રીએટીવ કામ કરવું હતું. નેહાએ કુનાલને મનની વાત કરી પણ મોટાભાઈ કે પપ્પા સામે નોકરીની વાત કરવાની એની હિંમત ન ચાલી. નેહા ઉદાસ રહેવા લાગી. એની આ ઉદાસી સસરા પ્રશાંતભાઈની નજરમાં આવી ગઈ. તેઓએ નેહાને પોતાની કેબીનમાં બોલાવી પ્રેમથી વાત કરી. નેહાએ પણ ખુબ આદરથી અને થોડા સંકોચથી પોતાની મનની વાત રજુ કરી. પ્રશાંતભાઈને પહેલાં તો નવાઈ લાગી. ઘરમાં આટલી સુખ-સાહ્યબી છે છતાં ઘરની વહુ નોકરી કરે ? નાણાવટી કુટુંબના ઈતિહાસમાં આવું થયું નહોતું. લોકો શું કહેશે એવા વિચારો તેમના મનમાં આવી ગયાં. કુણાલ સાથે તેઓએ ચર્ચા કરી જોઈ. કુણાલ પણ મનમાં તો ઈચ્છતો હતો કે નેહા પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરે. સર્જકતાનો આનંદ એ પોતાની ત્રીજી ફેકટરી કરતી વખતે માણી ચુક્યો હતો. એને ત્યારે કંઈક નવું સર્જન કરવાના ધ્યેય પાસે પડેલી બધી જ મુશ્કેલીઓ વામણી લાગતી અને જ્યારે આજે નેહાને આ ખુશી મળતી હોય તો એ ખુશ હતો છેવટે પ્રશાંતભાઈએ ઘરના બધાના વિરોધની વચ્ચે પણ નેહાને આર્કીટેકનો જોબ કરવાની સંમતિ આપી એટલું જ નહીં સારી કંપનીમાં પોતાના ઓળખાણ દ્વારા નેહાને સર્જકતાનું વિશાળ મેદાન પણ અપાવી દીધું.

નેહા આજે ખુબ ખુબ ખુશ હતી. એને મમતા કાલિયાનું એક કાવ્ય યાદ આવી ગયું જેનો સુર કંઈક આવો હતો,'હું કમળા, વિમળા, શાંતા કે કાંતા હોઈ શકું. હું રાધું છું, ધોઉં છું, ધારણ કરું છું, ઉછેરું છું. શોષાઉં છું, ઓછા ભાવમાં નકામા ચલચિત્રો જોઉં છું, સુખી દેખાઉં છું, ઘરના સામાન સાથે મફત મળતી પ્લાસ્ટીકની બાલદી લઈ આવું છું અને સુખી છું એવો દેખાડો કરું છું. કાંતા, શાંતાની જેમ ૨ મહિને મારું વજન વધે છે અને હું સુખી છું.' નેહાને લાગ્યું કે કાંતા, શાંતાની જેમ આરામનું આભાસી સુખ નહીં પણ મહેનતનું સર્જકતાનું, આત્મવિકાસનું સુખ એની રાહ જોતું ઉભું છે. પોતાનો આ રીતે ઉછેર કરવા બદલ મનોમન બોલી ઉઠી, 'થેન્કયુ પપ્પા.'

**- નિખિલ પરીખ**


શુભ પ્રસંગ

જે જે શ્રી ગોકુલેશ

શુભ પ્રસંગ





**આપણે ત્યા રૂડો અવસર આવ્યો છે.**
**તો જરૂર થી સંપર્ક કરો**

# નિરવ ફોટો આર્ટસ

**હર્ષદ પારેખ / નિરવ પારેખ**

**ફોન. ૯૮૨૧૩ ૭૬૭૭૬ / ૨૮૯૫ ૯૭૭૩ / ૯૩૨૨૫ ૧૫૩૫૧**

લેટેસ્ટ ટેક્નોલોજી દ્વારા સુંદર
ડિઝીટલ ફોટોગ્રાફી / ડિઝીટલ વિડીઓ શુટિંગ

સુંદર કલાત્મક રીતે મોડલીંગ ફોટોગ્ગ્રાફી તેમજ લેટેસ્ટ સ્ટાઈલ. ફોટો લેમીનેશન / ડિઝીટલ આર્ટવક/ જૂના ફોટા ઉપરથી ડીઝીટલ નવા ફોટા બનાવી આપશું તમારી વિડીયો કેસેટ ઉપરથી - બનાવી આપીશું તુરંત અને ઝડપી સર્વિસ તમારી કંપનીના આઈ.ડી. કાર્ડ તેમજ તમારા પ્રોડકટ ફોટોગ્રાફી કરી આપશું

**સી- ૧૩ સીસ્કીટા નગર, સી.એસ.રોડ,**
**દહિસર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૮**

હેમેન્દ્રભાઈ શાહ / રાજનભાઈ કડકીઆ ના સૌજન્ય થી

# જ્ઞાન

વટ વૃક્ષ તો નીહાળ્યું છે. પરંતુ જ્ઞાનનું વૃક્ષ? જ્ઞાનવૃક્ષની જડ ઉંડે જાય.

બીજ વ્યવસ્થિત અંકુરિત થાય તો આ અંકુરિત બીજને માતા-પિતાના સુસંસ્કારનું સિંચન અને પ્રેમની પરિભાષાનો પાઠ મળે તો તેની શાખ ફૂલે ફાલે છે અને એ સત્ય હકિકત છે. આ જ્ઞાન શું સ્કુલમાં જ મળે? એના જવાબમાં કહી શકાય કે માના દૂધનું મુલ્યાંકન થાય. બાપના પૈસાની છોળો તેનો અવરોધ ન બની શકે. કદાચિત. 'યથા રાજા તથા પ્રજા' એજ રીતીએ શિક્ષક પણ સુસંસ્કૃત હોવો જરૂરી છે.

હવે જ્ઞાન ગમ્મત સાથે અપાય તો નાના બાળકોનો ગ્રાસ્પીંગ પાવર વધી જાય છે. રાતના સુવાના સમયે જો સુંદર વાર્તા સાંભળીને બાળક સુઈ જાય તો તેનું મનન સારી રીતે કરી શકે છે અને આ બાળપણમાં જે જ્ઞાનનું સિંચન થાય એ એની જીંદગીનો બેઝ બની જાય છે. આમાં દાદી-નાની જે વાર્તા રૂપે જ્ઞાન પીરસે એ એના બાળ માનસમાં છપાઈ જાય છે, અને જ્યારે આ બાળ માનસ પરિપકવ થાય ત્યારે તેનું આલેખન તેની જીવનચર્યામાં પણ આચરાય છે. આજ રીતે શિક્ષકનું જ્ઞાન પણ મુલવાય છે. પરંતુ .. કિંતુ...

આજના યુવા માનસનું જ્ઞાન સાગરના ઉછળતા મોજા સાથે સરખાવી શકીએ, પરંતુ સાગર કદી મર્યાદાનું ઉલ્લંઘન કરતો નથી, જો કે જમાનાની તાસીર, ભણતર સાથે શુદ્ધ જ્ઞાનમાં કલુશિતતા એડ કરે છે અને આમાં મોર્ડનતાનો દાવો કરતાં માતા-પિતા પણ જવાબદાર બને છે.

જે કરવું તે છોકરાંઓની સાથે જ' અને આમ આજના કોમ્પ્યુટર યુગના બાળકો, છોકરાઓ સીમાનું ઉલ્લંઘન કરી લે છે અને ત્યારે પિતાશ્રીઓ ખુલ્લી આંખે કદાચિત નવા જમાનાની નજાકત જોઈ આંખ મિંચામણા કરે છે. તેને રોકવાની ક્ષમતા તેમની ખર્ચાઈ ગઈ હોય છે. 'અડધમાં રામ અને અડધમાં ગામ' કોઈપણ વસ્તુની બે બાજુ હોય તેમ આની સામે સારપ પણ પાંગરેલી છે અને આથકી જ્ઞાનનું વૃક્ષ ફાલીને પૂર્ણતાએ ખીલે છે.

વિદ્યાનો ડુંગર ચડતાં આડે તેડે રસ્તે જવાનો સમય નથી હોતો. સાગરના શાંત મોજાને આભાસ જરુર થાય છે. સાંચા ભણતરની આ સીડી છે. દિવસ રાત ભણતરનું ચણતર સરળતા સાથે અને આ સોપાન તેના પોતાના તથા કુંટુબીઓના જીવન સમૃદ્ધ કરે છે. પૈસા કમાય તે જ્ઞાની હોય એવું પણ નથી હોતું. જ્ઞાનની પ્રતિભા, તેજસ્વીતા સમાજમાં જુદી જ ઉભરી આવે છે. જ્ઞાનની

**Indian Photo**





**Manu Mamtora**
**Specialist in :**
Video Shooting & Digital Photography,
Digital Shooting,
All Kinds of Colour Photography.
Resi :
204, Hinal Residency, Dahanukarwadi,
Datta Mandir Road, M.G.Road,
Kandivali (W), MUMBAI - 400067
**Resi : 28699141 - M : 9819789634**

મહેક જુદી જ પમરાય છે. નાનપણમાં એક ઈંગ્લીશ બુકમાં સ્ટોરી હતી અને તેમાં "God does every thing for our good' આવતું આ સેન્ટેન્સ ડગલે ને પગલે રાહ સૂચક બની રહે છે. જ્યારે તને ડર લાગે ત્યારે, બુમ મારજે, ‘મોટાભાઈ, ઓ મોટાભાઈ અને તે તને જરુરથી મદદ કરશે’ આ મોટા ભાઈ એટલે ભગવાન. આ કથનથી પૂરવાર એમ થાય છે કે ભગવાન ક્યાં વસે છે. પંચમહાભૂતમાં અને સાચા દિલની પુકારથી પ્રભુજી આપણી વહારે આવે છે. નાનીમા સાથે ભગવાનના પિકચર જોયા હતા, તેથી પ્રભુજી તરફની શ્રધ્ધા ગળાડૂબ બની રહી છે. માના હાલરડાની લહેકમાં પણ ભજનની મહેક આ બાળ માનસને જરુરથી પમરાવે છે.

હવે જોઈએ આ જ્ઞાન સરિતાનો ઉપયોગ કેમ અને કેવી રીતીએ કરશો ? ડૉકટર, વકીલ, પ્રોફેસર જે પણ ડીગ્રી મેળવો તેને ફક્ત પૈસાથી ન તોલતાં, માનવતાથી પણ મુલવશો. પૈસા જરુરી છે, પણ માનવતા ભુલવીને નહી, આજે ગામડાઓ આ ભણતરનું ચણતર માંગી રહ્યા છે. રીટાયર થઈ ગામના હવા, પાણી, પ્યારા કરોને, તમારું જ્ઞાન મુલવો, અને ગામડાંની મજબૂર પ્રજાના દિશા સૂચક બનો.

રૂપિયાનો મોહ ઓછો કરી ત્યાંની પ્રજાના જીવનના રાહી બનો. આ કામ રીટાયર થઈને કરવાનું છે. ત્યાંના ગરીબ બાળકોને ટયુશન પોષાય નહી તો તેઓને ભણાવો. આમ તમારા જીવનની આથમતી સંધ્યાએ વતન પરસ્ત બની તમારું જ્ઞાન પીરસી તમારું જીવ્યુ સાર્થક કરો. જ્ઞાનને ઉજાળો, ડૉકટર, વકીલ, એમ. એ., બી.એ., વગેરેએ પોતાની વિદ્યાનું જ્ઞાન ગામડાઓમાં ગરીબોમાં બાટો. આજના જમાનાની તાસીરને ચષ્મા ઉંધા એથી તેમને આ સૂચન માન્ય ન થાય, સુસંસ્કારી બનવાના આગ્રહી બનો, બીજાના સૂચક, પ્રેરક બનો તમારા માતા-પિતાએ તમને ભણાવ્યા એ ભણતર જીવનની આથમતી સંધ્યાએ શેર કરો ને જીવી જાણો. તમારા જ્ઞાન પ્રકાશથી કંઈકના જીવન પ્રકાશીત થશે જ થશે. ગળગૂથીમાંથી મળેલા ધાવણના સંસ્કારને મોર્ડન જમાનાની હવાથી તમારી જ્ઞાન રેતને ઉડાડી ન કાઢો, જીવી જાણો માતાના, પિતાના અને શિક્ષકોના ભણતરના ચણતરની સીડી ચડીને, જ્ઞાનના વૃક્ષની જડો મજબૂત થાય એવી સોચ રાખોને તમારી સોચમાં ક્યાં ખામી જણાય તો તેને સુલઝાવો. જ્ઞાનની સીમાને સિમીત ન રાખતા પરિસિમિત બનાવો. પૈસા સાથે નહી આવે, જ્ઞાન પ્રકાશને ફેલાવી તમારી જીંદગી જ્ઞાન સહ જીવી જાણો. જ્ઞાન પ્રકાશથી તમારું જીવન અને બીજાનું જીવન પ્રકાશથી ભરી દો.

**- ઉષા એસ. ધારીયા**

**Rasesh Parikh**

# ISHY CREATION

**Manufacturer of**
Gold & Diamond Jewellery

12, Mangal Bhavan, Old Nagardas Road,
Andheri (East), Mumbai - 400 069.

**Ph. (O) 28390476 (R) 26840205**
**(M) 9821117788**

# અપેક્ષાઓનો કોઈ અંત નથી

સુખની સતત ઝંખના સેવનાર માણસ હંમેશા પોતે દુઃખી હોવાનો અહેસાસ કરે છે, તે દુનિયાની સૌથી મોટી અજાયબી ગણવી જોઈએ. અકસ્માત, અપંગ બનાવી દેનારી માંદગી, ભુખ-તરસ અને થાક જેવી શારીરીક પીડા એ તો સતત દુઃખદાઈ હોય છે. વર્તમાન અને ભવિષ્યમાં આવનાર દુઃખને ઓગાળી નાખીને અથવા અતિક્રમક બની સુખ મેળવવાની મથામણ વગર માનવી જાતનો વિકાસ શક્ય નથી. જે પીડાથી એક માણસ હાય હોયના બરાડા પાડે છે. તેટલી જ પીડા બીજો માણસ સહજ રીતે ભોગવે છે. તેથી સુખ અને દુઃખની અનુભૂતિમાં શરીર જેટલો જ બલકે શરીરથી પણ વધારે ભાગ મન ભજવે છે.

જિંદગીમાં બધા અનુભવ અને બધી પરિસ્થિતિમાં સુખ અને દુઃખ મિશ્રરૂપે જ હોય છે. સુખ દુઃખની વ્યાખ્યા અને તેના સાધનો સરખા હોતા નથી. કવિતા વાંચન કોઈ માટે પરમ સુખનો અનુભવ કરાવે છે. તો બીજા માટે ન પણ હોઈ શકે. રમકડું ખોવાયા કે તુટ્યા પછી ની તીવ્ર વેદના જે બાળક અનુભવે છે તે મોટો થયા પછી અનુભવતો નથી. ખડક પર બેસીને પતંગિયુ પોતાની મન શક્તિથી ખડકને પણ ફુલ ગણીને રાચી શકે છે.

માણસની જીંદગીના આયામો અગણિત છે અને તેની અપેક્ષાઓનો કોઈ અંત નથી. તંદુરસ્ત, સમૃદ્ધિ, પ્રતિષ્ઠા, સત્તા, સ્નેહ, વર્ચસ્વ, વિવેક બુદ્ધિ બધા માણસો પાસે સરખા પ્રમાણમાં હોતા નથી. જોઈયે છે ત્યારે મળતા નથી અને મળ્યા પછી હંમેશા ટકતા નથી. જીવમાં એકપણ પાસુ ઓછુવત્તુ પામે છે ત્યારે માણસ દુઃખી દુઃખી થઈ જાય છે. જે છે તે માણસને માણવાને બદલે જે નથી તેનો અફસોસ અને તેની માટે ચિન્તીત રહે છે તથા તેનું મન સતત તેનું રટણ કરે છે. ગીતામાં એક સરસ શબ્દનો પ્રયોગ છે. કે માણસની અપેક્ષાઓ પ્રલયકાળે પણ પુરી થતી નથી. મહાભારતનો યયાતી કહે છે કે તે આખી દુનિયામાં જેટલું ધ્યાન-ધન છે, જેટલા પશુઓ છે અને જેટલી સ્ત્રીઓ છે એ બધા મળી જાય તો પણ મનને તૃપ્તી થવાની નથી. વધુ પડતી અને શક્તિ બહારની અપેક્ષાની ઝંખનામાં માણસ દુઃખી થાય છે.

ચૌટા બજારમાં લટાર માર્યા પછી સોક્રેટીસને તેમની ખુશખુશાલીનું કારણ પુછવામાં આવ્યું તો સોક્રેટીસે કહયું કે હું બહુંજ ખુશ છું કે આ દુનિયાની આટલી બધી ચીજ વસ્તુઓ મારા કોઈ કામની નથી, ફ્રીજ, કાર, ટીવી, ને એરકન્ડીશન વાપર્યા નથી ત્યાં સુધી ચાલે છે પણ એકવાર વાપર્યા બાદ બગડતા કે ન મળતા મન બેચેની અનુભવે છે. કારણ મનને તેનું વળગણ થઈ જાય છે. દરેક ભૌતિક જરૂરીયાત વધ્યા પછી ઘટતા અછતનો અહેસાસ થાય છે. સ્વ. સ્વામી કૃષ્ણાનંદજીની વાત સાદી પણ સમજવા જેવી છે. તેની પાસે કોઈ પણ ભક્ત દુઃખ કે તકલીફ લઈને આવે તો કૃષ્ણાનંદજી જવાબ આપે કે બધુ છ માસમાં સારુ થઈ જશે. આજ છ માસમાં પરિસ્થિતીમાં બદલાવ આવે છે અથવા મન તેનાથી ટેવાઈ જાય છે અને ફરીયાદ ગુમ થઈ જાય છે.

કલાપીએ શું કહેલું ? જે મારતુ તે પોષતું કે પછી જે પોષતું તે મારતું. આવી મુઝવણ કોઈને થઈ શકે છે. મન એક કલાકાર છે જે બેવડી ભુમીકા ભજવે છે. દોસ્ત નં. ૧ અને દુશ્મન નં. ૧

અતિચંચળ મનમાં ભલે અસંખ્ય અને અનંત અપેક્ષાઓ ઉત્પન થાય પણ સવારે અને રાત્રે પ્રભુને પ્રાર્થના કરીશું કે હે પ્રભુ તે મને મારી લાયકાત અને શક્તિઓ કરતા અનેક ઘણું આપ્યું છે. જે છે તેમાં જ હું સંતુષ્ઠ રહીશ. આમ રોજ બરોજ પ્રાર્થના કરતા મનને પ્રભુમાં અર્પણ કરીશું તો જીવન આનંદમય રહેશે.

મધ્યેવ મનઃ આદ્યત્વ માર્ય બુદ્ધિ નિવેશ્ય. (અ.૧૨ શ્વોક ૮) ગીતાકાર કહે છે કે મન અને બુદ્ધિ મારામાં સ્થિર કરશે તો આત્મા પ્રસન્ન રહેશે.

**- શૈલેષ કી. દેસાઈ**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૨ જી બેઠક તા. ૨-૬-૨૦૧૨ના રોજ સોમવારે સાંજે ૭.૧૫ કલાકે શ્રી મોહનલાલ સાકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફીસ) ખાતે મળી હતી.

પ્રમુખશ્રી કલ્પેશ સુરેશ ધારીઆના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના સહમંત્રી શ્રી જાસ્મીન શેઠ એ ગત મીટીંગનો અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

સંસ્થાના ખજાનચી શ્રી નીકેશ ગાંધીએ વાર્ષિક બજેટ રજુ કર્યુ હતુ તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

સંસ્થાના મંત્રી શ્રી ભાવેશ મોદીએ વિવિધ પેટા સમિતિના સભ્યોના નામોની રજુઆત કરી હતી તે સર્વાનુમતે પસાર કરવામા આવી હતી.

શ્રીજી મેડીકલેમના સંયોજક શ્રી ભરત પરીખે એમનો માસીક અહેવાલ રજુ કર્યો હતો તે પસાર કરવામા આવ્યો હતો.

શ્રીમતી મીનાબેન સુધીર ધારીઆ (રંગુનવાલા) પુરસ્કૃત ઉપનગર વિભાગના સંયોજક શ્રી હેમન્દ્ર શાહ એ પ્રવાસ પર્યટન માટે વિવિધ સ્થળોની રજુઆત કરી હતી. ચર્ચા વિચારણા કર્યા બાદ કુમાર રીસોર્ટ (લોનાવાલા) નક્કી કરવામાં આવેલ.

સંસ્થાના પ્રમુખશ્રી કલપેશ ધારીઆએ નીવેદન કર્યુ હતુ કે બધા સંયોજકોએ તેમનો માસીક કે વાર્ષિક અહેવાલ સંસ્થાના સહમંત્રી પાસે પસાર કરાવી પછી ખજાનચી પાસે હિસાબ રજુ કરવો.

કુલ ૪ નવી લાઈફ મેમ્બરશીપની અરજી અને કુલ ૫ લીવ ની અરજી આવી હતી. તે સર્વાનુમત્તે પસાર કરવામાં આવી હતી. પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૩ જી બેઠક તા. ૨૩-૭-૧૨ના રોજ સોમવારે સાંજે ૭.૧૭ કલાકે શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફીસ) ખાતે મળી હતી.

પ્રમુખશ્રી કલ્પેશ ધારીયાએ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધર્યા હતા. સંસ્થાના સહમંત્રી શ્રી જાસ્મીન શેઠ એ ગત મીટીંગનો અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

ચલો બાલાસિનોરના સંયોજક શ્રી જીગર કડકીઆ એ એમનો વિસ્તરીત અહેવાલ રજુ કર્યો હતો અને કુલ ૨૦૭ વ્યક્તિઓ આ પેકેજમાં સામેલ થયા છે.

શ્રી સુરેન્દ્ર રતીલાલ પરીખ (M/s સુરેન્દ્ર એનજીનીયરીંગ કોપોરેશન) અને શ્રી દક્ષેશભાઈ, શ્રી મીનીષભાઈ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈઝ) પુરસ્કૃત આંતરીક રમત ગમતના સંયોજક શ્રી અજીત મોદી એ વિવિધ રમતો માટે તારીખો આપી હતી. તે પસાર કરવામાં આવી હતી.

શ્રીજી મેડીકલેમના સંયોજક શ્રી ભરતભાઈ પરીખ એ એમનો માસીક અહેવાલ રજુ કર્યો હતો તે પસાર કરવામા આવ્યો હતો.

શ્રીમતી મીનાબહેન સુધીર ધારીઆ (રંગુનવાલા) પુરસ્કૃત ઉપનગર વિભાગના સંયોજક શ્રી હેમેન્દ્ર શાહ એ જણાવ્યું હતું કે ૨૬–૮-૧૨ના રોજ બુકીંગ લોનાવાલા ખાતે કુમાર રીસોર્ટમા થઈ ગયું છે.

શ્રી રજનીકાન્ત કાંતીલાલ કડકીઆ (ધરીવાલા) પુરસ્કૃત વાર્ષિક રસોત્સવના સંયોજક શ્રી દીક્ષીત પરીખે જણાવ્યું હતુ કે આ વર્ષે વાર્ષિક રસોત્સવ તા. ૨૫-૧૧-૨૦૧૨ના રોજ રવિવારે સવારે બીરલા માતુશ્રી સભાગૃહ (મરીન લાઈન્સ) ખાતે યોજવામાં આવશે. તેમા શ્રી મનોજભાઈ પ્રવિણચંદ્ર કચેરીઆ મુખ્ય મહેમાન છે. સંસ્થા તેમનો તથા તેમના કુટુંબીજનો નો આભાર માને છે.

કુલ ૨ નવી લાઈફ મેમ્બરશીપ તથા ૮ લીવ અરજીઓ આવી હતી તે સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી. પ્રમુખશ્રી એ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**મંત્રી : ભાવેશ બીપીન મોદી**

# વાણી

૧ ) જીવનની નાવડીમાં બેઠો છે માનવી.
હળવે હળવે તું હાંકજે
વાણી વર્તનને તુ વિચારજે સમજી
કડવી વાણીને તુ છોડજે

જીવનના પાના છે સારા ને ખોટા
સમજીને ઉતરજે નાના ને મોટા
પ્રેમના પાનામાં હાસ્ય ઉમેરજે
ફુલડામાં મહેકતો રહેજે

૨ ) વાણી છે મીઠી, વાણી છે કડવી
જીભલડીને લાગે મીઠી,
વાણીમાં તો વહાણ ડૂબ્યા છે
મીઠી વાણીમાં તરતા મૂક્યા છે.

૩ વાણી તો તોડશે, વાણી ડૂબાડશે
પ્રેમથી ભરેલો, વાણીનો થાળ છે
સ્નેહથી લેજો, પ્રેમથી પીરસજો
વિભુને એતો પ્યારા લાગશે.

૪ નાના મોટા એ સૌને વહાલી
કાયાના કટકામા સિંચન પુરશે
વિનંતી મારી સ્વીકારજો.

જે જે શ્રી ગોકુલેશો


**લગ્નગીતો, સંગીત સંધ્યા તથા**
**પ્રાર્થના સભા માટે**



**સંપર્ક સાધવો**

**ભરત ડોસા : ૯૨૨૧૩૧૮૩૩૩**
**રણજીત : ૯૮૨૧૧૭૨૨૨૩**
**મિના : ૯૨૨૧૧૬૫૫૫૨**
**Email : ranjeetdossa@yahoo.com**
**www.rhythmicgroup.com**

।। શ્રી ગોકુલેશો જયતિ ।।



**શ્રી ગોવિંદ જ્યોતિષ કાર્યાલય**
**જયો. કર્તા : પુરાણી હેમંતકુમાર રામકૃષ્ણ**
(બી.એ.વીથ સંસ્કૃત) (જયોતિષ વિશારદ મુંબઈ)
**જયોતિષ, લગ્ન,વાસ્તુ, નવચંડી તથા**
**મહાપુજાનું વેદોક્ત તથા પુરાણોકત**
**સંતોષકારક કાર્ય કરનાર**

**એડ્રેસ :** ૩/૭૦, કૈલાસ કો. ઓ. સોસાયટી,
રામબાગ લેન, ઓફ.એસ.વી. રોડ, શાસ્ત્રીનગર,
બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૯૨.
**(૧) ટે. નં. (ઘર) : ૨૮૬૨૩૫૧૭**
**(૨) મોબાઈલ : ૯૮૯૨૬૨૧૧૮૭**

## શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક તથા મેડીકલ ટ્રસ્ટ

ઉપરોક્ત મંડળની ૪ થી કારોબારીની બેઠક તા. ૨૪-૭-૧૨ મંગળવારે સાંજે ૭ કલાકે મંડળ ટ્રસ્ટના પ્રમુખ શ્રી જતીન ન. દેસાઈના પ્રમુખ પદે સુભદ્રાબેન ન. શાહ (કોલક્તાવાળા) મીટીંગ હોલમાં, પ્રગતિ સમાજ મુંબઈ-૨ ખાતે મળી હતી. એજન્ડા મુજબ : મંડળ અને ટ્રસ્ટની ત્રીજી કારોબારીની બેઠકની મીનીટસ સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી. ઓડીટેડ એકાઉન્ટસ રજૂ કરવામાં આવ્યા હતા. જેને ચાર્ટર્ડ એકાઉન્ટ મે. જે. એમ. એસ. એન્ડ કુંની મંજૂરીને આધીન પસાર કરવા વાર્ષિક સામાન્ય સભામાં રજૂ થનાર મંડળ તથા ટ્રસ્ટના મંત્રી નિવેદન ને થોડા ઘણા ખુલાસા બાદ પસાર કરવામાં આવ્યા હતા. વાર્ષિક સામાન્ય સભા તા. ૧૪ સપ્ટેમ્બર ૨૦૧૨નાં રોજ રાખવી સાંજે ૪ કલાકે (જેની વિગતો અન્યત્ર છાપવામાં આવી છે) ને મંજૂરી મળી હતી.

વાર્ષિક સામાન્ય સભામાં આવનાર મેમ્બર પાસેથી રૂા. ૨૦૦/- અંકે રૂ. બસો લેવા જેમાંથી રૂા. ૧૦૦ અંકે રૂા. એકસો મીટીંગને દિવસે પાછા આપવા. પ્રમુખ સ્થાનેથી આવેલ સભ્યોની લીવ મુકવામાં આવી હતી. ભોજનને ન્યાય આપી સભા બરખાસ્ત જાહેર કરવામાં આવી હતી.

**માનદ્ મંત્રીઓ : શ્રીમતી સોહીણી વાય. કડકીઆ,**
**શ્રી પરેશ આર. પરીખ,**

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

ઓચ્છવલાલ જેઠાલાલ દેસાઈ પ્રાથમિક શાળાના કોમ્પ્યુટર માટે રૂા. ૩,૫૦,૦૦૦/- (અંકે રૂ. ત્રણ લાખ પચાસ હજાર પુરા)નું માતબર દાન શ્રીમતી ડૉ. કીર્તીબેન કીરણકુમાર દોશી તથા તેમના પરિવાર તરફથી પ્રાપ્ત થયું છે. **મંડળ દાતાનો આભાર માને છે.**


## PLEASE CAST YOUR VALUABLE PRECIOUS VOTE

BY Sparing time and Obliging Individual Entity
FOR THE POST OF " JT. Hon. Treasurer "

KIRIT RAMANLAL DHARIA

AT. Bi-Annual Election 2012-2014. at
P. J. HINDU GYMKHANA,
Marine Lines, Mumbai - 2

**ON SATURDAY DT: 08-09-2012**
4pm To 8pm. ( S.T. )

**ON SUNDAY DT: 09-09-2012**
8am To12afternoon/ 5pm To 8pm

**PERFORMER**

As a managing committee at RADIO CLUB ( for 5years )
As a Sub-Committee Entertainment at P.J.Hindu Gymkhana 2years.
As a Hon. Treasurer of BALASINOR NAVYUVAK MANDAL.
And BALASINOR MEDICAL TRUST.

**TO SHARE EXPERIENCES**

FINANCE, ADMINISTRATION, SPORTS, ENTERTAINMENT ETC.
( THANKING YOU IN ADVANCE )
**MATCHWELL ELECTRIC CO. - HINDUSTAN TAPEX CO. ( M - 9820088069 )**
Please also convey support form Friends & Relatives

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજની સુવર્ણ જંયતિ નિમિત્તે રાખવામાં આવેલ કાર્યક્રમનો અહેવાલ

શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ, મુંબઈની સ્થાપનાના પચાસમાં વર્ષની ઉજવણી નિમિત્તે તારીખ ૧૭-૬-૧૨ના રવિવારે સવારે ૯ કલાકે બિરલા માતુશ્રી સભાગૃહમાં શ્રી ભાર્ગવ પટેલ નિર્મીત ધાર્મિક કાર્યક્રમ 'શ્રી અર્ધાવતાર'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મનોરથી શ્રી મનોજ પ્રવિણચંદ્ર કચેરિયા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં અસ્મિતા દોશી, મિનોતી શાહ, સોહીણી કડકીઆ તથા બેલા મોદીએ મંગલાચરણ કર્યુ તથા પૂજ્યપાદ નિકુંજલતા બેટીજીએ દીપ પ્રાકટય કરી આર્શીવચન આપ્યા હતા. મનોરથી શ્રી મનોજભાઈ તથા તેમના ધર્મપત્ની બેલાબહેનનું સન્માન કરવામાં આવ્યુ હતુ. મનોજભાઈ તરફથી કાર્યક્રમ 'શ્રી અર્ધાવતાર' ના આયોજનનો તેમજ સુવર્ણ જયંતિ નિમિત્તે સમાજ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલી સ્મરણિકાનો ખર્ચ સંસ્થાને આપવામાં આવ્યો હતો, તથા કાર્યક્રમમાં આવનાર સહુ વૈષ્ણવોને નાસ્તાનો બોક્ષ તથા ચંપારણની પ્રસાદી મઠડી આપવામાં આવી હતી. સંસ્થા શ્રી મનોજભાઈ કચેરિયા તથા તેમના પરિવારજનોનો હૃદયપૂર્વક આભાર માને છે. પ્રમુખ શ્રી નવનીતભાઈ પરીખ, મંત્રી શ્રી બીપીનભાઈ દોશી તથા સ્મરણિકાના સંયોજક શ્રી કેતન મોદીએ પ્રસંગને અનુરૂપ વૈષ્ણવોને સંબોધન કર્યુ હતુ. સહ-મંત્રી શ્રી મંજુલ ધારીયાએ આભાર વિધી કરી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી નીખીલ પરીખે કર્યુ હતુ.

ત્યારબાદ કાર્યક્રમ 'શ્રી અર્ધાવતાર' રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં સુંદર નૃત્યો દ્વારા ભગવાન કૃષ્ણની વિવિધ લીલાઓનું રસપાન વૈષ્ણવોને કરાવ્યું હતું. પૂજ્યપાદ જીજીનું કહેવું હતું કે શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજની સ્થાપનાના પચાસ વર્ષની ઉજવણી નિમિત્તે યોજાયેલ કાર્યક્રમ ખરેખર પ્રશંસનીય છે અને ભવિષ્યમાં પણ સંસ્થા આવા સુંદર કાર્યક્રમોનું આયોજન કરતી રહે એવા આર્શીવાદ આપ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં સર્વે વૈષ્ણવોને ઠાકોરજીની કીચેન આપવામાં આવી હતી અને કાર્યક્રમની અંતમાં સૌ વૈષ્ણવોને સ્મરણિકાની કોપી, નાસ્તાના પેકેટ અને ચંપારણની મઠડી આપવામાં આવી હતી.

**મંત્રીશ્રી બીપીન કીરતનલાલ દોશીના**
**જય જય શ્રી ગોકુલેશ**

## શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ અને મેડીકલ ટ્રસ્ટ
## નોકરીની તક

ઉપરોક્ત સંસ્થાના મેડીકલ સેન્ટરમાં જનરલ એડમીનીસ્ટ્રેશન અને હિસાબ-કિતાબ માટે યોગ્ય વ્યક્તિની જરૂર છે.

બાલાસિનોર દશાનીમા વણિક જ્ઞાતિની વ્યક્તિને ''વહેલો તે પહેલો''ના ધોરણ મુજબ નોકરી આપવામાં આવશે. માસિક પગાર વ્યક્તિની લાયકાત મુજબ રૂા. ૭૦૦૦/- થી રૂા. ૧૦૦૦૦/- સુધી આપવામાં આવશે.

તમારી પૂરી માહિતી સાથેની અરજી સંસ્થાના માનદ્ મંત્રીને નીચેના સરનામે મોકલવા વિનંતી.

**શ્રી પરેશ રસિકલાલ પરીખ (દૂધવાળા)**
દીલિપ સ્ટેશનરી માર્ટ, ૨૯૯, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૩

આપ આપનાં સગા-સબંધી અને સ્નેહીને પણ માહિતી આપશો એવી વિનંતી.

નોકરી સબંધી નિમણુંક કરવાનો હક્ક સંસ્થાના હોદ્દેદારોને રહેશે.

**- પ્રમુખઃ જતીન દેસાઈ**

# વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ઓ.ક્રેડીટ સોસાયટી લીમીટેડ

## ૨૬મી વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ

ઉપરોક્ત સોસાયટીની ૨૬મી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૦-૬-૧૨ બુધવારના રોજ સાંજે ૭.૩૦ કલાકે સમાજના પ્રમુખશ્રી યોગેશભાઈ ધારીયાના પ્રમુખ સ્થાને તેજપાલ ઓડીટોરીયમ ખાતે મળી હતી જેમાં ૪૨૨ સભાસદો હાજર રહ્યા હતા.

સભાની શરૂઆતમાં પ્રમુખ શ્રી યોગેશભાઈ ધારીયાએ સમાજના તા. ૨૭-૧-૧૨ સુધી કાર્યરત ચેરમેન શ્રી મયુરભાઈ પરીખના દુઃખદ અવસાન બદલ શોક વ્યક્ત કર્યો હતો, અને તેમણે સતત ૧૫ વર્ષ સુધીની સમાજને આપેલ અમુલ્ય સેવાઓ બીરદાવી હતી અને હાજર રહેલા સભ્યોને બે મીનીટનું મૌન પાળવા વિનંતી કરી હતી. સૌ સભ્યોએ સદ્‌ગતના આત્માને શાંતિ માટે બે મિનીટનું મોન પાળી ત્યાર બાદ સભાની કાર્યસુચિ મુજબ સભાનું કામકાજ શરૂ કર્યું હતુ.

સભા દરમ્યાન તા. ૩૧-૩-૧૨ સુધીના નફામાંથી ૧૫ ટકા ડીવીડન્ટની ભલામણ રજુ થઈ હતી. જેને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી હતી.

માનનીય શ્રી રસીકલાલ મોદી (દેવ), શ્રી વસંતભાઈ મોદી (વિમાવાળા), શ્રી શીરીષભાઈ મોદી, શ્રી મહેન્દ્રભાઈ કચેરીયા, શ્રી નીતીનભાઈ દેસાઈ, શ્રી નીતીનભાઈ શાહ, શ્રી સતીષભાઈ પરીખ, શ્રી અશ્વીનભાઈ કડકીયા (હાલોલવાળા), શ્રી કિરણભાઈ મોદી (પાસપોટવાળા) તથા અન્ય સભ્યોએ સોસાયટીના સંચાલન અંગે વિવિધ પ્રશ્નો તથા સુચનો કર્યા હતા જેનો સંતોષ કારક જવાબ આપવામાં આવ્યો હતો.

ભૂતપૂર્વ ચેરમેન શ્રી મયુરભાઈ પરીખના પરિવાર તરફથી મીટીંગમાં હાજર રહેલા સૌ સભ્યોને ગીફટ આપવામા આવી હતી.

પ્રમુખશ્રી યોગેશભાઈ ધારીયાએ તેમના પ્રવચનમાં મોટી સંખ્યામાં હાજર રહેલા સભાસદોનો સભા દરમ્યાન શાંતિ જાળવવા, જરૂરી સુચનો કરવા તથા વર્ષ દરમ્યાન કાર્યવાહક સમિતિનો અને સૌના સાથ સહકાર અને હુંફ બદલ નિખાલસતાથી પ્રેમપૂર્વક આભાર માન્યો હતો.

પ્રમુખશ્રીએ વર્ષ દરમ્યાન ૩૬ સભાસદોના અવસાનની નોંધ લીધી હતી. સોસાયટી તરફથી હાજર રહેલા સૌ સભ્યોને સોસાયટી તરફથી ડ્રાયફ્રુટનું પેકેટ આપવામાં આવ્યું હતુ.

**લી. વાડાસિનોર પ્રગતિ સમાજ કો.કે.સો.લી.ના**

માનનીય શેર હોલ્ડર ભાઈઓ તથા બહેનો ૨૬મી વાર્ષિક સામાન્ય સભામાં સર્વાનુમતે પસાર થયેલ ઠરાવ મુજબ વર્ષ ૨૦૧૧-૧૨ના વર્ષનું ૧૫ ટકા ડીવીડન્ડના વાવચરો તા. ૨૦-૮-૧૨ થી કામકાજ ના દિવસોમાં (સોમવાર થી શનિવાર) બપોરે ૧૨ થી ૬ ના સમય દરમ્યાન સોસાયટીના કાર્યાલયમાંથી આપવામાં આવશે તો દરેક મેમ્બરોને લઈ જવા વિનંતી.

**- વાડાસિનોર પ્રગતિ સમાજ કો. કે. સો. લી.**

**મંત્રીઓ : શ્રી કૌશીકભાઈ કડકીઆ, શ્રી મંજુલભાઈ ધારીયા**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

આંતરિક રમત-ગમત ૨૦૧૨-૧૩ શ્રી સુરેન્દ્ર રતીલાલ પરીખ (M/s સુરેન્દ્ર એનજીનીયરીંગ કોપોરેશન) અને શ્રી દક્ષેશભાઈ, શ્રી મીનીષભાઈ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈઝ) પુરસ્કૃત આંતરીક રમત ગમતના સંયોજક શ્રી અજીત મોદી એ વિવિધ રમતો માટે તારીખો આપી હતી. તે પસાર કરવામાં આવી હતી.

**સ્પર્ધાના નામો**

(૧) કેરમ સીગલ્સ અને ડબલ્સ (૨) કેરમ સીંગલ્સ (૩) કેરમ સુપરહીટ મુકાબલા (૪) ચેસ.

(૫) કેરમ સુપરહીટ મુકાબલામાં Male / Female, મધર, પાર્ટનર તરીકે લઈ શકશે.

(૬) કેરમ મીક્સ ડબલ્સમાં Male / Female, Ladies / gents પાર્ટનર તરીકે લઈ શકશે.

કન્વીનરને ગેમ રદ કરવી, અથવા rules બદલવાનો આ સ્પર્ધાની તારીખ બદલવાનો અધિકાર રહેશે.

સ્પર્ધા તા. ૨-૯-૧૨ના રોજ સવારે ૧૦ વાગે સંસ્થા ઓફીસ, સી.પી. ટેન્ક પર શરૂ થશે.

**સ્પર્ધાની તારીખો :**

(૧) કેરમ સીંગલ્સ અને ડબલ્સ (Sr/Jr.) રવિવાર તા. ૨-૯-૧૨ સવારે ૧૦ વાગે.

(૨) કેરમ સીગલ્સ અને મીક્સ ડબલ્સ (LADIES) રવિવારે તા. ૯-૯-૧૨ સવારે ૧૦ વાગે

(૩) કેરમ સુપરહીટ મુકાબલા રવિવાર બપોરે ૨ વાગે તા. ૧૬-૯-૧૨

ચેસ ગેમની તા. પાછળથી જણાવવામાં આવશે. જેઓને ઉપર જણાવેલ રમતમાં ભાગ લેવો હોય તો શ્રી અજીત મોદીને સંપર્ક કરવો. મો. ૯૮૬૯૦૨૯૪૮૬, ૨૮૬૯૧૧૮૫ અથવા અંદર છાપેલ એન્ટ્રી ફોર્મ ભરીને સંસ્થાની ઓફીસ (સી.પી. ટેન્ક) પર આપવું.

**પરા વિભાગ (વાંદરા થી વીરાર)**

આ વર્ષે પરા વિભાગમાં કાંદિવલી / બોરીવલી નજીક આંતરિક રમત-ગમતનું આયોજન કરવાનું નક્કી કરેલ છે.

જેઓને ઉપર જણાવેલ સ્પર્ધામાં ભાગ લેવો હોય તો, એન્ટ્રી ફોર્મ ભરી નીચે જણાવેલ કે કમિટિ મેમ્બરને ૧૫-૧૦-૧૨ પહેલા આપી જવા.

શક્ય હશે તો બેડમિટન અને ટેબલટેનીસ રમત યોજવામા આવશે. પૂરતા ફોર્મ આવશે તો જ આ રમતો યોજવામાં આવશે.

૧) અજીત નટવરલાલ મોદી (કન્વીનર) ૯૮૬૯૦૨૯૪૮૬

(૨) નીમીષ બાબુલાલ ગાંધી - ૯૮૨૧૧૬૪૭૩૨

(૩) ગોપાલ રમણલાલ કડકીયા - ૯૮૧૯૫૦૭૪૫૨

(૪) દક્ષેશ સોમાલાલ પરીખ - ૯૩૨૪૪૦૭૬૯૮

(૫) હેમેન્દ્ર રમણલાલ શાહ - ૯૮૨૦૦૧૧૫૮૬

ઉપર જણાવેલ સ્પર્ધા તા. ૯-૧૨-૧૨ રવિવાર રોજ સવારે ૧૦ વાગે શરૂ કરવામાં આવશે.

# SHREE BALASINOR NAVYUVAK SANGH

118/120, Ardesher Dadi Street, S.P.Road, Mumbai 400004, Ph : 23887006

**Sponsered by : Shri Surendrabhai Ratilal Parikh(Surendra Eng. Corp.)**
**Shri Daxeshbhai & Shri Minishbhai Babulal Kadakia (Kadakia Enterprise)**

## ENTRY FORM

**Date** ______________

**Sr. No.** ______________

## "Indoor Sports"

**Vasti Patrak No.** ________

**Participant's Name** ______________________________________________

**Father / Husband's Full Name :** ______________________________________

**Address :** ___________________________________________________

________________________________ **Age** _______ **Birth Date** ______________

**Phone Resi** _____________ **Off** _____________ **Mobile** ______________________

| Groupe | S.No. | Name of Game |
|---|---|---|
| | A | |
| | B | |
| | C | |
| | D | |
| | E | |
| | F | |
| | G | |
| | H | |

( I am interested in participating in above games)

**Participant's / Guardian Signature.**

**Note :** Below 18 age, guardian's sign. Required.

**Sr. No.** ____________________

**Date** ________________

**Name of Games** | | | | | | | | |

**Receiver's Signature** ____________________

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
### શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા (ધરીવાળા)પુરસ્કૃત
# કોમ્પ્યુટર શિક્ષણ યોજના

જત જણાવવાનું કે સંસ્થાએ M/S. Raj Software Techonology (India) LTD. સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે. આ યોજનામાં નીચે મુજબના સર્ટીફાઈડ કોર્સ શીખવાડવામાં આવશે.

| Sr. No. | Course | Course Fees | Service Tax (12.36%) | Total |
|---|---|---|---|---|
| 1 | Office Automation | 1400.00 | 173.00 | 1573.00 |
| 2 | Tally. ERP9 | 2250.00 | 278.00 | 2528.00 |
| 3 | Kids Course | 1250.00 | 155.00 | 1405.00 |
| 4 | Web Page Designing | 5000.00 | 618.00 | 5618.00 |
| 5 | Desk-Top Publishing | 3000.00 | 371.00 | 3371.00 |
| 6 | Computer Hardware Course | 3000.00 | 371.00 | 3371.00 |
| 7 | CCCT Course | 5000.00 | 618.00 | 5618.00 |
| 8 | SPA | 13500.00 | 1669.00 | 15169.00 |
| 9 | G-TECH | 52866.00 | 6534.00 | 59400.00 |
| 10 | Smart IT Professional | 36000.00 | 4450.00 | 40450.00 |
| 11 | Smart Multimedia Professional | 36000.00 | 4450.00 | 40450.00 |
| 12 | Information Technology Professional | 10000.00 | 1236.00 | 11236.00 |
| 13 | Programming IN C | 1500.00 | 186.00 | 1686.00 |
| 14 | Programming In C++ | 2000.00 | 248.00 | 2248.00 |
| 15 | Programming InJAVA (CORE) | 4000.00 | 495.00 | 4495.00 |
| 16 | Programming InJAVA(ADVANCE) | 4500.00 | 556.00 | 5056.00 |
| 17 | Programming In VISUAL BASIC | 4000.00 | 495.00 | 4495.00 |
| 18 | Programming in SQL | 4000.00 | 495.00 | 4495.00 |
| 19 | Programming In. NET Technologies | 36000.00 | 4450.00 | 40450.00 |
| 20 | Programming In PHP | 9000.00 | 1113.00 | 10113.00 |
| 21 | Certified Accounting Professional | 5000.00 | 618.00 | 5618.00 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતા પૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦ ટકા ફી ચેક થી પાછી આપવામાં આવશે.

**Branches of Raj Academy -** Andheri (W), Bandra (E), Borivali (W), Kandivali (W), Dadar (E), Dahisar (E), Malad (W), Ghatkopar (W), Goregaon (W), Kandivali (E), Miraroad (E), Malad (E), Masjid Bunder

બીજુ મુંબઈ ખાતે Software Academy (પ્રાર્થના સમાજ) ખાતે નીચે જણાવેલ કોર્સ શીખવાડવામાં આવશે.

| | | |
|---|---|---|
| 1. | Basic Cum Value Added Course | - Rs. 1400/- |
| 2. | Tally ERP 9 | - Rs. 2200/- |
| 3. | DTP (Desk Top Publishing) | - Rs. 2000/- |
| 4. | Web Page Designing (WPD) | - Rs. 3200/- |
| 5. | Complete Grandmaster (Kids Concept) | - Rs. 900/- to Rs. 3600/- |
| 6. | Tiny Ladies Cum Value Address Course | - Rs. 1700/- |

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસમાં સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર જયેન્દ્ર ગાંધી (લુહાર ચાલ) ખાતેથી મળશે. આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપુર્ણ ભરીને સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે મોકલવાના રહેશે.

**સમીર જયેન્દ્ર ગાંધી** - ટેન. ૨૨૦૬૦૨૯૪ / ૨૨૦૩૮૦૭૭ / ૯૮૨૧૨૩૪૩૦૬
Nikoshi Trading Co. 12/5, 1st Floor, Carmellos Building, 63/67 Pathakwadi, Lohar Chawl, Mumbai - 400002

**મંત્રી : ભાવેશ બીપીન મોદી** **સંયોજક : સમીર જયેન્દ્ર ગાંધી**

# SHREE BALASINOR PRAGATI SAMAJ

Dear Community Members,

**The Program and Event Management Committee** of the above institution is delighted to present one more jewel in our community, **Dr. RAHUL SHETH,** son of Smt. Anuben and Shri Jyotivadan Sheth.

**Dr.Rahul Sheth is a consulting interventional radiologist at over 10 large hospitals across Mumbay. His years of experience & expertise in the field of Aortic Stent grafting, has not only saved many a life, but has also rendered him extremely popular in the medical fraternity. He has published multiple articles in internationally renowned journals and has operated on patients in 5 different countires. His mastery in his field is evident in the fact that he has been invited to give lectures both nationally and Internationally.**

**Today many people in our community (and also the world) suffers from blocks in the blood vessels of various organs due to high cholesterol and other such conditions, leading to heart attacks, strokes and cramping leg pain. These require treatment and previously the only way was through invasive surgery.**

**It's a great privilege, that Dr. Rahul Sheth has agreed to a lecture on *"INTERVENTIONAL RADIOLOGY - THE ALTERNATE TO SURGERY FOR BLOCKED BLOOD VESSELS"* and it will surely be extremely enlightening us on SUNDAY, SEPTEMBER 09, 2012 at Senate Hall, Status Restaurant, Nariman Point, Mumbai sharp at 9.30 am**

**We are proud to announce that Shri Jayesh Rajnikant Shah (Nagarsheth) is the sponsor of the event. This is his sixth consecutive sponsorship since the formation of the Program and Event Management Committee.** Please feel free to share information about this event to your friends and relatives. We encourage you to reach out to the younger generation in our community so that they may seek inspiration from Dr. Rahul Sheth.

**The Seminar is open for all Balasinorians and invited guests.** However, the invitation with **Brunch Passes,** as usual, will be available from the following places against payment of Rs.150.00 per person, **form August 20 to September 03, 2012.**

i) Shree Balasinor Pragati Samaj, Smt. Leelaben Kiritbhai Kadakia (Fadia) Admn. Hall, 45/49, Babu Genu Road, Off Kalbadevi Road, Mumbai 400002

ii) M/s. Kadakia Enterprises, 68/70, Nagdevi Street, 1st Floor, Mumbai 400003

We look forward to your continued support in attending this and other events and learn from our successful **BALASINORIANS**.

**Pankaj Dharia, Convener,** **Daxesh Kadakia / Rejendra Desai**

**Program and Event Management** **(Hon. Secretaries)**

## Shree Balasinor Navyuvak Sangh
## Jansathi Trophy Cricket Tournament Year 2012-2013

### Jansathi 2012-13 Rules :

1) Last Date of entry : Saturday, 8th September 2012.
2) No forms will be accepted after deadline i.e.8th September 2012.
3) Forms will be available and accepted at the following Venues:
a) B.N.S. office (office hours) Mon-Sat from 3.00 p.m. to 7 pm. & Sun 10.30 am to 12. am.
b) Chirag Parikh c/o Twisha Nx 22, Pinjarra Lane, Off abdul Rehman Street, Mumbai - 3, Contact No. 23444157 . 9821574856.
c) Nirav. Desai C/o Globus hoildays, 68/72 babu genu road, Mumbai -2, Contact No. 8108717979.
d) Alpesh Dharia C/o Bharat Asbestos, 137, Narayan Dhuru Street, Ground Floor, Mumbai -3, Contact No. 9833867601.
4) Players born on or before 1-1-1996 will be eligible to participate.
5) Only 68 players will be picked up for the tournament on First-cum-First Serve Basis.
6) Participating fees will be Rs. 750=00 for 3 matches. The Final Two Teams will pay Rs.300/- per Player Extra to play Finale.
7) Logistics like Lunch, Umpires, and scores will be arranged for all the matches.
8) All participats will have to report on the ground at 9.30 AM sharp. Players reporting after 10.15 AM. will not be allowed to play the match in any circumstances.
9) Any Player who wishes to leave the ground/match will have to take prior permission of the Organizing Committee Members.
10) Players to compulsory wear White Trouser, White T-shirt/shirt, White Shoes and White Socks to play the Tournament. Perfect Cricket Gears will be required as per the rules of the Tournament.
11) All the matches will be of 40 overs a side. In Case of a TIE, Run-rate will be the criteria to announce the WINNER.
12) Each bowler will be permitted to bowl 9 overs per match.
13) Please fill up your forms in all respects like your Capability, Tel No: (Resi/Office & Mobile) etc.
14) If any player who has to leave the ground for unavoidable circumstance, has to report back within 2 Hrs & this he has to convey to the Convener / Captain & Opp. Team's Captain.
15) B.N.S. has got all the rights to amend the above rules & regulations without any prior notice to the Players.
16) Due to non-availability of the grounds on Sunday's, Matches can be organized on working days also.
17) Players who are interested in playing should fill up the forms personally. B.N.S. or Cricket Committee is not responsible to fill up any players forms.
18) All forms will be accepted as per the bye-laws of Shree Balasinor Navyuvak Sangh.
19) In case on any queries please feel free to contact the undersigned.

Thanking you,

CHIRAG PARIKH (Convener) 9821574856. BHAVESH MODI (Secretary)

29th July 2012

## Shree Balasinor Dashanima Navyuvak Mandal And Medical Trust

**Notice of 84th Annual General Meeting of Mandal and 33rd of Trust.**

All Members

Notice is hereby given that the 84th A.G.M. of Mandal & 34th A.G.M. of Trust will be held under the presidentship of Shri Jatin Desai on Friday 14th September 2012 4 p.m. at senate Hall of Status Restaurent, Nariman Point, Mumbai - 21

Agenda

1. To Read and confirm minutes of 83rd AGM of mandal and 33th AGM of Trust.
2. To receice and adopt the balance sheet and income and expenditure account as on 31st March 2012
3. To receive and adopt managing committee's report for the year 2011-12
4. To appoint auditors for the ensuing year 2012-13 and fix their remuneration.
5. To consider any other matter with permission of the chair.
6. Address by the president.

All members are requestd to make conv. to attend A.G.M.

Arrangement for high tea snacks has been made at above venue. charges are Rs. 200.00 (Rs. two hundred only) for members Note: members attending the meeting will be refunded with Rs. 100 (Rs. one hundred only) Passes can be collected from balasinor medical center chowpatty, shree balasinor pragati samaj office at babu genu road and kadakia enterprise 68/70 nagdevi street. 1st Floor, From 1st September 2012.

Sohini Y. kadakia / Paresh R. Parikh (Hon. Secretaries)

Auml Parlour

# શ્રી બાલાસિનોર કેળવણી મંડળ સંચાલિત ઓચ્છવલાલ જેઠાલાલ દેસાઈ (દેડકી) પ્રાથમિક શાળાનો કન્યા કેળવણી મહોત્સવ તથા શાળા પ્રવેશોત્સવ

શુક્રવાર તા. ૨૯-૬-૧૨ના દિને સવારે ૯.૩૦ કલાકે તરુબેન પ્રફુલ શેઠ પ્રાર્થના હોલમાં ઉજવવામાં આવ્યો. અધ્યક્ષસ્થાને મંડળના પ્રમુખ શ્રી પ્રવીણ દેસાઈ ઉપસ્થિત રહ્યા.

કાર્યક્રમનો પ્રારંભ ધો. ૧ થી ૪ ની બાળાઓના પ્રાર્થના ગીતથી થયો. ત્યારબાદ સ્વાગત ગીતથી સૌનું સ્વાગત કરવામાં આવ્યું. આચાર્ય પન્નાબેને ઉપસ્થિત સૌ વાલીઓ, મહેમાનોને આવકાર આપતું સ્વાગત પ્રવચન કરતા ત્રણ વર્ષથી શરૂ થયેલી પ્રાથમિક શાળાની પ્રગતિની આંકડાવાર માહિતી આપી. ૧લા વર્ષે ૧૪૪ વિદ્યાર્થીઓથી શરૂ થયેલી શિક્ષણ પ્રવૃત્તિએ શૈક્ષણિક સત્ર ૨૦૧૨-૧૩ના વર્ષમાં ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો છે. જેમાં ધોરણ ૧માં નવા ૭૦ વિદ્યાર્થીઓનો પ્રવેશ મહોત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવ ઉજવવામા આવ્યો. હાજર સૌ મહેમાનોનું પુષ્પોથી સ્વાગત કર્યુ અને દીપપ્રાગટય મંચસ્થ મહાનુભાવો સાથે અદ્યક્ષશ્રી દ્વારા કરવામાં આવ્યું. આજના પ્રસંગે પ્રાથમિક શાળાના બાળકોમાં શૈક્ષણિક કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું. શાળા સમિતિના મંત્રી શ્રી રમણભાઈ પટેલે વાલીઓ પોતાનાં બાળકોના શિક્ષણ પ્રત્યે વધારે જાગૃત હોવાની વાત કહી. પચીસ વર્ષ પહેલાના અને આજના વાલીઓની શિક્ષણ પરત્વેની દૃષ્ટિમાં થયેલા ફરકની પણ નોંધ લીધી. મંડળની જનરલ સભાના નિર્ણય અનુસાર કે. જી., ૧-૨ અંગ્રેજી માધ્યમ શાળામાં શરૂ કર્યાની માહિતી આપી.

અધ્યક્ષસ્થાનેથી મંડળના પ્રમુખ શ્રી પ્રવીણ દેસાઈએ પોતાના વક્તવ્યમાં બાળકોના સર્વાંગી શિક્ષણ તથા વિકાસ માટે અંગુલિનિર્દેશ કરતાં કહયું. બાળકો ઘરની ચાર દિવાલોમાંથી બહારની ખુલ્લી દુનિયામાં પ્રવેશ કરે છે. મિત્રો, શિક્ષકો, સહાધ્યાયીઓના સહવાસમાં આવે છે. રમવા માટે ખુલ્લુ વિશાળ મેદાન પ્રાપ્ત થાય છે.

ડૉ. રાધાકૃષ્ણના આ વાક્યથી સાચા અને ખોટાને પારખી શકવાનો વિવેક એ જ સાચું શિક્ષણ પોતાનું પ્રવચન પૂરુ કરતાં કહયું, આપણાં બાળકોને આવો વિવેક પારખતાં શીખવીશું તો આપણો પુરુષાર્થ સફળ થશે.
આભાર દર્શન પારૂલબેન ડોડિયાએ કર્યુ. કાર્યક્રમનું સુચારું સંચાલન સુજલબેન પગી દ્વારા થયુ. આ પ્રસંગે શાળા સમિતિના સભ્યોશ્રી કૌશિકભાઈ ચોક્સી, શ્રી બાબુભાઈ ધુળાભાઈ પટેલ તથા શાળા વ્યવસ્થાપક સમિતિનાં ઉષ્માબેન ત્રિવેદી ખાસ હાજર રહયા હતા.

### ઉદાર દીલના દાતાઓને અપીલ

૧) રૂા. ૫,૦૦,૦૦૦/- અંકે રૂા. પાંચ લાખ પુરા વાર્ષિક પારિતોષિક શ્રેષ્ઠ વિદ્યાર્થી, વિદ્યાર્થીની, શિક્ષક અને સ્ટાફ ચારે સ્કૂલો માટે

૨) રૂા, ૨,૫૦,૦૦૦/- અંકે રૂા. બે લાખ પચાસ હજાર પુરા આચાર્ય ખંડના, સ્ટોર રૂમનાં તથા એક વર્ગ ખંડના પ્રત્યેના નામકરણ માટે

**- પ્રમુખ શ્રી પ્રવીણ દેસાઈ**

ઉપરોક્ત મંડળની કારોબારીની બીજી બેઠક તા. ૨૫-૭-૧૨ના બુધવારે સાંજે ૬.૪૫ કલાકે

સુભદ્રાબેન ન. શાહ (કોલકત્તાવાળા) મીટીંગ હોલ, પ્રગતિસમાજ મુંબઈ - ૨ ખાતે મંડળના પ્રમુખ શ્રી પ્રવીણ દેસાઈના પ્રમુખ પદે મળી હતી. એજન્ડા મુજબ ૧૨-૪-૧૨ની કારોબારીની કાર્યનોંધનું વાંચન મંત્રીશ્રી જતીન ન. દેસાઈ એ વાંચી સંભળાવ્યુ હતુ જે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૧૧-૧૨ના અનઓડીટેડ હિસાબો ખજાનચીએ રજૂ કર્યા હતા. જેને મંજૂર કરી ઓડીટ કરવા માટે મોકલવા.

ચૂંટણી પંચના અધ્યક્ષ શ્રી સતીષભાઈ પરીખે એમનો અહેવાલ રજૂ કર્યો હતો જે ને સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો. વાર્ષિક સામાન્ય સભા તા. ૨૫મી સપ્ટેમ્બરના રોજ નક્કી કરવામાં આવી હતી. આ અંગેની સત્તા હોદેદારોને આપવામાં આવી હતી.

સ્કૂલો અંગેની વિસ્તૃત માહિતી પ્રમુખ શ્રીએ આપી હતી.

ભોજન ને ન્યાય આપી સભા બરખાસ્ત થઈ હતી.

## શ્રી બાલાસિનોર પ્રગતી સમાજ વાર્ષિક સામાન્ય સભા

શ્રી બાલાસિનોર પ્રગતી સમાજની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૧-૯-૨૦૧૨ના મંગળવારે સાંજે ૭ વાગે તારાબાઈ હોલ મરીનલાઈન્સ મુંબઈ નં. ૪૦૦૦૦૨ ખાતે રાખવામાં આવી છે. તો સર્વે સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી.

મંત્રીઓ દક્ષેશ કડકીઆ, રાજેન્દ્ર દેસાઈ

દાતાનો આભાર

શાંતાબહેન લીલાધર શાહ (નાસીકવાળા) રમેશચંદ્ર શાહ રૂા. ૧,૦૦,૦૦૦/-

હસ્તે મનન નીમીષ

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

**ગિરિ પૂજા ' કોકીલાબેન પ્રવિણચંદ્ર પૂનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા)**

## જનતા ફી સહાય યોજના

વિદ્યાર્થીભાઈઓ તથા બહેનો માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ ફી સહાય સમિતિની રચના કરવામાં આવી છે. તે હેઠળ જરૂરિઆતમંદ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોને ફી સહાય કરવામાં આવશે.

ફોર્મ લઈ જઈ સંપૂર્ણ વિગતો વાલીની સહી લઈ ઓફિસમાં તા. ૨૦.૯.૨૦૧૨ પહેલા આપી જવા વિનંતી.

ફોર્મની વિગતો સંપૂર્ણ ભરવી જેથી કરીને ફી સહાય મેળવવામાં વિલંબ ન થાય. આ આપણા સમાજ તરફથી આપવામાં આવતી સહાય છે. તેથી જરૂરિયાતવાળાઓ તેનો અવશ્ય લાભ લેશે તેવી આશા.

ફોર્મ મેળવવા તથા ભરીને આપવાનું સ્થળ : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ઓફિસે. ઓફિસ સમય દરમ્યાન (સોમ થી શનિ) બુધવાર સિવાય બપોરે ૩ થી ૮ રવિવારે સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ સુધી. અને શ્રી બાલાસિનોર પ્રગતી સમાજની ઓફિસે સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી (સોમ થી શનિ)

**મંત્રી - ભાવેશ મોદી (ઠાસરાવાળા)**

**સંયોજક - કીર્તી હી. કડકીઆ (લટકારી)**

# શિરસ્તો

આપણા જીવનને સ્થિર અને વ્યવસ્થિત બનાવવું હોય તો શિરસ્તાનું પાલન જરૂરી છે. કોઈ પણ નિર્ણય કરેલો હોય તેમાં શિરસ્તો હોવો જરૂરી છે. એ તો જ તમારા જીવનમાં પરિપૂર્ણતા આવે છે.

ઓટોવન બિસ્માર્કનો જન્મ તત્કાલીન પ્રુશિયા એક ગામડામાં એક સામાન્ય પરિવારમાં થયો હતો, કદાવર અને સશક્ત શરીરનો બાંધો અડગ ઈરાદાઓ તથા જબરજસ્ત નિશ્ચયબળના પરિપાકરૂપે તે સમસ્ત જર્મન રાષ્ટ્રની રચના કરનાર બન્યો, નાની નાની ૩૯ આપસમાં લડતી ઝગડતી જાગીરોને એક રાષ્ટ્રમાં આકાર આપવાનું કામ તેણે કર્યું.

તેના આવા કાર્યો માટે તે લોખંડી શાસન કર્તા તરીકે પંકાયો હતો.

આપણા સરદાર વલ્લભભાઈ પટેલે આઝાદી પૂર્વેના ભારતમાંના નાના મોટા ૫૬૨ રજવાડાનું પણ ભારતના ગણતંત્રમાં વિલિનીકરણનું કામ જબરી પરિપ્રેશ્યમાં કયારેય સરદારને ભારતના પ્રિન્સ બિસ્માર્ક કરી પ્રશંસા કરવામાં આવે છે.

પ્રિન્સ બિસ્માર્ક લોખંડી પુરૂષ હતા પણ લાગણી પ્રધાન હતા. એક વખત તેઓ રાજા ઝારના શાસનકાળ દરમ્યાન સદ્ભાવ મુલાકાતે રશિયા ગયા. તેમને એક ભવ્ય રાજમહેલમાં ઉતારો આપ્યો. એક વહેલી સવારે પ્રિન્સ રાજમહેલની અટારીમાં ઉભા ઉભા નવપ્રભાતનો સુંદર નજારો માણતા હતા. ત્યાં તેમની નજર મહેલના પ્રાંગણમાંના ચોગાનમાં એક શસ્ત્ર સાથે સંત્રીને એક છેડેથી બીજે છેડે કવાયત કરતો જોઈને આશ્ચર્ય પામ્યો.

તે ત્વરાથી પેલા સંત્રી પાસે ગયા અને પૂછ્યું તું કોની, સુરક્ષા માટે છે ? તેણે સવિનય કહયું મને ખબર નથી, ઉપરીના હુકમનું પાલન કરું છું. પ્રિસ્ન બિસ્માર્કે ઝારને સંદેશો મોકલ્યો મારી માટે આવા કોઈ સેમીની જરૂર નથી. તેને હટાવી લ્યો. રાજ્યના સંરક્ષણ વિભાગમાં ચહલપહલ થઈ ગઈ. તપાસમાં જણાવ્યું કે વર્ષોથી રાજ મહેલના ચોગાનમાં ચોવીસ કલાકનાં સંત્રી મૂકાય છે પણ તે શું કારણ છે તેની ખબર નથી પણ આ એક શિરસ્તો આગળથી ચાલી આવે છે. હવે આ મુદ્દો માત્ર જાણકારી માટેનો નહોતો, પ્રતિષ્ઠાનો બની ગયો હતો.

જ્યારે કોટી ઉપાયો છતાં આ શિરસ્તાની વિગત જાણવા ન મળી ત્યારે નગરમાં ઢંઢેરો પિટવામાં આવ્યો કે જે કોઈ નગરજન પેલા શશસ્ત્ર સંત્રીની મહેલમાંના ચોગાનમાં નિયુક્તિનું કારણ જણાવશે તેને મોટો શરપાવ અપાશે.

બે દિવસ પછી એક ખૂબજ વૃદ્ધ રાજબરબારમાં આવી. તે ભૂતકાળમાં ઝારના દાદીમાં-ઝરીનાની સહેલી હોવાનું જણાવતી હતી. તેણે કહયું મહારાજ! પૂર્વે આપના દાદીમાં આ મહેલમાં રહેતા હતા. એક વખત વિદેશ પ્રવાસમાં ગયા ત્યાં તેમને વાયોલેટનું એક ફૂલ ખૂબ પસંદ પડયું. તેથી તે દેશમાંથી તેનો એક છોડ લાવી હતી અને તે મહેલના આગળના ચોગામાં વાવ્યો હતો. છોડના રક્ષણ માટે ચોવીસ કલાકનો એક સંત્રી ત્યાં તહેનાત કરાયો હતો. ગુસ્તાખી માફ મહારાજ, સમય જતાં સંત્રી તહેનાત કરવાનો મુળ ઉદેશ વિસરાઈ ગયો. કદાચ ચોકી કરનાર કોઈ સંત્રીનો વજનદાર જોડા સાથેનો પગ નીચે જ તે છોડ ચગદાઈ ગયો હશે. પરંતુ ચોકીદાર મૂકવાનો શિરસ્તો જળવાઈ રહ્યો.

હસવું આવે છે ને ? જો કે આપણા જીવનમાં પણ કેટલીક વાર આવું બને છે. પરંતુ તે પ્રત્યે આપણું લક્ષ્ય જ ક્યાં છે ? ઉદેશો ચૂકાઈ જાય છે અને ક્રિયાઓ રહી જાય છે. કહે છે ને સાપ ગયા પણ લીસોટા રહી ગયા. શુભાશયથી શરૂ થયેલી પરંપરાઓ, રૂઢીઓ, શિરસ્તાઓ, વિદ્યાઓ જેવી કવાયતોની બાબતમાં જો જાગૃત ન વર્તાય તો આપણી ક્રિયાઓ થકી કર્મનું હાર્દ હણાય છે. હાસ્યાપદ બને છે. અર્થહીન આચરણ ક્રિયાઓ શ્રયાર્થી અને સાધકની આધ્યાત્મિક અને ભૌતિક સામાજીક પ્રગતિને અવરોધે છે. શક્તિ તેમ જ સમયની હાની થાય છે. માટે જ શિરસ્તાઓની ગુઢાર્થ વિધી જાણવી જરૂરી છે.

**- સંકલન**

# કચેરીઆ મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પીટલ, બાલાસિનોર

૧) શ્રી નગીનદાસ લાલચંદ પારેખ સોળમો હ્રદયરોગ નિદાન કેમ્પ : તા. ૧-૭-૧૨ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૧૭૬ દર્દીઓ નોંધાયેલા. બધાજ દર્દીઓના ઈ.સી.જી. ફ્રી કરવામાં આવેલ. ૧૦૫ દર્દીઓના ઈકો રાહત દરે રૂા. ૧૫૦/- માં કરવામાં આવેલ. જરૂરીયાતવાળા પાંચ દર્દીઓના એક્ષરે રાહત દરે કરવામાં આવેલ. ૪૩ દર્દીઓને દશ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં કુલ રૂા.૨૪૨૫૫/- ની માફી આપવામાં આવેલ. આ કેમ્પમાં ૩૦ દર્દીઓને એન્જીયોગ્રાફી માટે, ૧૧ દર્દીઓને બાયપાસ સર્જરી માટે, ૦૯ દર્દીઓને વાલ્વ રીપ્લેસમેન્ટ માટે તથા ૨૫ દર્દીઓને ટી.એમ.ટી. માટે સલાહ આપવામાં આવેલ.

આ કેમ્પમાં અમદાવાદના નિષ્ણાંત કાર્ડીયાક સર્જન ડૉ. ભૂપેશભાઈ ડી. શાહ તથા તેઓની ટીમે સેવાઓ આપેલ તથા એચ.સી.જી. મલ્ટી સ્પેશીયાલીટી હોસ્પિટલ, મીઠાખડી અમદાવાદના સ્ટાફની સેવાઓ મળેલ.

૨) શ્રીમતી ચંદ્રિકાબેન શશીકાન્ત મણીલાલ ગાંધી બાળરોગ નિદાન કેમ્પઃ તા. ૧૮-૭-૧૨ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૨૨ દર્દીઓને તપાસીને તમામ દર્દીઓને સાત દિવસની દવાઓ ફ્રી આપવામા આવેલ. આ કેમ્પમાં કપડવંજના ખ્યાતનામ વિઝીટીંગ બાળરોગ નિષ્ણાંત ડૉ. જગદીશ શાહે સેવાઓ આપેલ.

૩) કલાવતીબેન કાંતિલાલ મહેતા ચોથા સ્ત્રીરોગ નિદાન તથા ઓપરેશન કેમ્પઃ તા. ૨૩, ૨૪ અને ૨૫ જુલાઈ ૨૦૧૨ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં ૧૨૮ દર્દીઓનાં સંપૂર્ણ ઈન્વેસ્ટીગેશન ફ્રી કરવામાં આવેલ. આ કેમ્પમાં એક્ષરે તથા સોનોગ્રાફી પચાસ ટકા રાહત દરથી કરવામાં આવેલ. તથા ૧૬ દર્દીઓને મેજર ઓપરેશનની તારીખ આપવામાં આવેલ છે. આ ઓપરેશનો ફ્રી કરવામાં આવશે.

૪) શ્રીમતી ભારતીબેન અશોક કાંતિલાલ પરીખ (તાતીઆ) શ્વાસના રોગોનો નિદાન કેમ્પઃ તા. ૨૬-૭-૧૨ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૨૦ દર્દીઓ નોંધાયેલા. જે પૈકી જરૂરીયાતવાળા દર્દીઓને દસ દિવસની દવા ફ્રી આપવામાં આવેલ. તમામ દર્દીઓની લેબોરેટરી તથા એક્ષરે ફ્રી કરવામાં આવેલ.

૫) શ્રીમતી સ્મિતા અરવિંદ પરીખ (દુધવાળા) અને શ્રીમતી મીનાક્ષી રાજેન્દ્ર દેસાઈ (લાટવાળા) ન્યુરો સર્જરી નિદાન કેમ્પઃ તા. ૨૯-૭-૧૨ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૩૧ દર્દીઓ નોંધાયેલા. બધાજ દર્દીઓને તપાસીને જરૂરીયાતવાળા દર્દીઓને સાત દિવસની દવા ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં અમદાવાદના નિષ્ણાંત ન્યુરોસર્જન ડૉ. સંદીપ શાહએ સેવાઓ આપેલ.

૬) કમળાબેન અને મણીલાલ સી. મોદી (ચેપ) એન્ડોસ્કોપી નિદાન કેમ્પઃ તા. ૨૯-૭-૧૨ના રોજ યોજવામાં આવેલ આ કેમ્પમાં કુલ. ૧૪ દર્દીઓ નોંધાયેલા. આ કેમ્પમાં અમદાવાદના ખ્યાતનામ એન્ડોસ્કોપી ડૉ. એમ. ટી. શાહની સેવાઓ મળેલ. આ કેમ્પમાં બધાજ દર્દીઓને સાત દિવસની દવા ફ્રી આપવામાં આવેલ.

૭) તારાબેન અને શાંતિલાલ છોટાલાલ કીડનીના રોગોનો નિદાન કેમ્પઃ તા. ૨૯-૭-૧૨ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૧૬ દર્દીઓ નોંધાયેલ આ કેમ્પમાં અમદાવાદના નિષ્ણાત નેફ્રોલોજીસ્ટ ડૉ. અસીત મહેતાની સેવાઓ મળેલ. બધાજ દર્દીઓને સાત દિવસની દવા ફ્રી આપવામાં આવેલ.

# શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ

## વાર્ષિક સામાન્ય સભા (AGM)

મંડળની વાર્ષિક સામાન્ય સભા (AGM) રવિવાર તા. ૧૬ મી સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ રામા વાટુમલ ઓડિટોરીયમ (કે.સી.કોલેજ-ચર્ચગેટ), મુંબઈ-૨૦ ખાતે સવારે ૯.૩૦ કલાકે આયોજીત કરવામાં આવેલ છે.

આ પ્રસંગે શ્રીમતી હંસાબહેન પ્રવિણચંદ્ર કડકીઆ અને શ્રીમતી રુપલબહેન પ્રદીપ કડકીઆ (ખીસાદાર) પુરસ્કૃત TALENT APPRECIATION SCHEME ના ઉપક્રમે, વાડાસિનોર દસાનીમા વણિક જ્ઞાતિના શિક્ષણ સિવાયના અન્ય ક્ષેત્રમાં પ્રશંસનીય યોગદાન આપ્યું હોય એવી વ્યક્તિનું સન્માનપત્ર તથા યોગ્ય પુરસ્કાર અપર્ણ કરી સન્માન કરવામાં આવશે.

આ ઉપરાંત વાડાસિનોર વણિક જ્ઞાતિનાંજ જાહેર ક્ષેત્રમાં પ્રસંશનીય યોગદાન આપનાર વ્યક્તિઓનું જાહેર સન્માન કરી આપણાં સમાજના વિરલ વ્યક્તિત્વોની સમાજમાં આગવી ઓળખ આપી, તેમની ઉપલબ્ધિઓને બીરદાવવામાં આવશે. આ વર્ષનાં વિરલ વ્યક્તિત્વો છે.

| | | | |
|---|---|---|---|
| ૧) | શ્રી જયંતિભાઈ ગોકલદાસ ગાંધી | - | ઉદ્યોગ, સમાજસેવા. |
| ૨) | શ્રી હર્ષદભાઈ રમણલાલ દેસાઈ | - | આંતર-રાષ્ટ્રીય ગુજરાતી સંસ્કૃતિ પ્રસાર |
| ૩) | શ્રી નિરંજન ઓચ્છવલાલ પરીખ (બખલી) | - | માનવતાવાદી મનઃસુશ્રુષા (સમાજસેવા) |
| ૪) | કોમોડોર શ્રી પરિમલ કુંજબિહારી દોશી | - | રાષ્ટ્રસેવક |
| ૫) | સોલિસિટર શૈશવી રાજેશ કડકીઆ | - | નારી ગૌરવ (પ્રથમ મહિલા સોલિસિટર) |
| ૬) | શ્રી અમિત જશવંતલાલ કડકીઆ | - | આંતર રાષ્ટ્રીય વાણિજ્ય એવોર્ડ વિજેતા |
| ૭) | શ્રી કિશોરભાઈ સી. ગાંધી | - | ફોટોગ્રાફી, બહુમુખી પ્રતિભા |
| ૮) | જીયાન આશિષ લાકડાવાલા | - | કેમલિન રાષ્ટ્રીય ચિત્રકલા સ્પર્ધા વિજેતા |

વર્ષ દરમિયાન રૂપિયા એક લાખ કે તેથી વધુ રકમનાં દાન વડે મંડળની પ્રવૃત્તીને સબળ કરનાર દાતાઓનું પણ આ પ્રસંગે યથોચિત સન્માન કરવામાં આવશે. સન્માનિય દાતાઓ.

૧) શ્રી નવીનચંદ્ર ચીનલાલ શાહ (કોલકત્તાવાળા)
૨) શ્રી ભરત ગોકળદાસ ઓચ્છવલાલ કડકીઆ (ફાડીઆ)
૩) ડૉ. કુમુદ પ્રમોદ મુળજીભાઈ ધારીઆ (લાલખાં)
૪) શ્રી મીનીષ બાબુલાલ કડકીઆ (લટકારી)
૫) શ્રી સતીશચંદ્ર ભીખાલાલ પરીખ (રોકડીઆ)
૬) શ્રી રાજેશ શાંતીલાલ કડકીઆ
૭) શ્રી નિકુંજ રમણલાલ કડકીઆ (મલમ)
૮) શ્રી મધુસુદન રમણલાલ ગાંધી
૯) શ્રી જશવંતલાલ કોદરલાલ પરીખ
૧૦) શ્રીમતી લીલાબહેન રમણિકલાલ ધારીઆ

મંડળને અવિરત ૫૧ વર્ષ, સંનિષ્ઠ અને કાર્યદક્ષ સેવા આપી માર્ગદર્શક ભુમિકા ભજવનાર દાતાશ્રી નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા)ની પ્રેરક સ્મૃતિ રૂપે 'વાડાસિનોર કર્મવીર' સન્માન પદક આપવાની યોજના ઘડવામાં આવી છે, જે અન્વયે આપણાં સમાજની વિવિધ સંસ્થાઓને દીર્ઘકાલિન કાર્યક્ષમ રાહબરી પુરી પાડનાર કાર્યકર્તા શ્રી મણિકાંત છોટાલાલ કડકીઆ ની સેવાઓને 'વાડાસોલ કર્મવીર' સન્માન થી ગૌરવાન્વિત કરાશે.

૧) શ્રી જશવંતલાલ કોદરલાલ પરીખ
૨) ઓજસ નલિન કાંતિલાલ ધારીઆ / અંકુર નલિન કાંતિલાલ ધારીઆ (ધરીઆબાપજી)
૩) સમિત રવિન્દ્ર ચિમનલાલ કડકીઆ (ફાડીયા)
૪) તપન દિપક શાંતિલાલ શાહ (પડાલવાળા)。
૫) સ્મિત અશોક દિનકરલાલ શાહ
૬) મૌનિક-અમીતા ધારીઆ
૭) વિપુલ સુરેશ લલ્લુભાઈ પરીખ (રોકડીઆ)
૮) સંજય સુરેશ દિનકરલાલ શાહ (નાસિકવાળા)

મંડળ તરફથી સહાય મેળવી પગભર બની મંડળની તેમજ સમાજની ઋણ અદાયગી કરી છે તેવા ઉપરોક્ત ભુતપૂર્વ વિદ્યાર્થીઓને પણ આ પ્રસંગે બિરદાવવામાં આવશે.

વાડસોલનાં પનોતાં સંતાનોની ઉપલબ્ધિઓને બિરદાવવા અને સમાજની ખુશીમાં સામેલ થવાં સૌને ભાવભર્યુ નિમંત્રણ

સહર્ષ જણાવવાનું કે ચાલુ માસ દરમ્યાન મંડળને લગ્ન પ્રસંગે નીચે મુજબનું દાન વચન પ્રાપ્ત થયું છે.

૧) શ્રી મનીષ બાબુલાલ કડકીઆ (લટકારી) - રૂા. ૧,૧૧,૦૦૦/- (અંકે રૂા. એક લાખ અગિયાર હજાર પુરા)
૨) શ્રી નિખિલ પ્રવિણચંદ્ર મણીલાલ શાહ (બે આની) રૂા. ૫૧,૦૦૦/- (અંકે રૂા. એકાવન હજાર પુરા)

મંડળ દાતાશ્રીઓ નો હાર્દિક આભાર માને છે.

**શરદ નટવરલાલ દેસાઈ**
**મંજુલ શૈલેષ ધારીઆ**
**(માનદ્ મંત્રીઓ)**

## કે.એમ.જી નજરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન

### બાલાસિનોર કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં નીચેના બે દાતાઓના દાનના વચન મળેલ છે

૧) ડૉ. રાજેશ નવનીતલાલ દોશી (મીશીગન-યુ.એસ.એ) રૂા. ૫૦ (પચાસ) લાખ
૨) શ્રી હિતેનભાઈ કીરીટકુમાર કડકીઆ (ફાડીઆ) (ન્યુ જર્સી-યુ.એસ.એ) રૂા. ૨૫(પચ્ચીસ) લાખ

**સંસ્થા દાતાશ્રીઓનો ખુબ ખુબ આભાર માને છે.**

**માનદ્ મંત્રીશ્રીઓ : શ્રી રાજેન્દ્ર દેસાઈ, શ્રી નિતિન પરીખ**

## શ્રીગોકુલનાથજી મંદિર ગૌશાળા બાલાસિનોર કાયમી તીથીની યાદી

સોહીનીબેન યોગેશકુમાર કડકીઆ
પારૂલબેન અતુલભાઈ મોદી (ખાંડીવાલા)
સ્નેહલતાબહેન પ્રવિણચંદ્ર ધારીઆ (જાલીવાલા)
ગીતાબહેન પ્રવિણચંદ્ર કડકીઆ (ખીસાદાર)
પંકજ નવનીતલાલ પરીખ (બખલી)
ગોપાલદાસ ચીમનલાલ દેસાઈ (ગાંડાદેસાઈ)
મંજુલાબેન મધુસુદન પરીખ
મહેન્દ્ર કાન્તીલાલ કડકીઆ (બનડા)
કુસુમબેન પુનમચંદ પરીખ (અડોલી)
ત્રણ તીથી આવી છે.
શાહ શારદાબેન મનુભાઈ (ચાવાલા)

જગદીશ ર. ધારીઆ

## સભ્યના અવસાનબાદ જ્યોતિપુંજ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના આજીવન સભ્યને જ્યોતિપુંજ ફ્રી મોકલવામાં આવે છે. સભ્યના અવસાન બાદ જો એ વ્યક્તિના કુટુંબમાં અન્ય વ્યક્તિ આજીવન સભ્ય હોય તો તેઓએ શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં જણાવવાનું રહેશે જેથી મરનાર સભ્યનું બંધ થયેલ જ્યોતિપુંજ ફરીથી નવા નામે મોકલવાનું શરૂ કરી શકાય.

જો આ બાબતની જાણકારી ન મળે તો અવસાન પામેલ સભ્યને જ્યોતિપુંજ મોકલવાનું બંધ કરવામાં આવશે. આશા છે સભ્યના કુટુંબીજનો આ બાબતમાં ઘટતું કરી નવા સભ્યપદ દ્વારા જ્યોતિપુંજ મેળવતા રહેશે અને આ યથાયોગ્ય વ્યવસ્થાની સામે નારાજગી વ્યક્ત નહીં કરે.

**– માનદ્ મંત્રી ભાવેશ મોદી**


# ગોપાલ જયંતિલાલ ભટ્ટ (ગોર)



**(જ્યોતિર્વિદ-મુંબઈ)**
**Sankalp Astrologist & Palmist**
તથા

**દક્ષેષ ભટ્ટ**

જ્યોતિષ ને લગતું દરેક કાર્ય, જન્માક્ષર મેળાપક, હસ્તોત્રી પત્રિકાના, ગ્રહોના જાપ અનુષ્ઠાન, લગ્ન, ગ્રહશાંતિ, વાસ્તુશાંતિ, જ્યેષ્ઠા શાંતિ, આશ્લેષાશાંતિ, મુળશાંતિ, કાલસર્પદોષ શાંતિ, પિતૃદોષ શાંતિ, શ્રીમંત સંસ્કાર, નવચંડી, નારાયણ બલિ, ડાઉઝીંગ ટેલિથેરીપી દ્વારા વિવિધ પ્રશ્નનું યોગ્ય માર્ગદર્શન તથા મહાપૂજાનું વેદોક્ત પુરાણોક્ત શાસ્ત્રોકાર અને પુષ્ટિ માર્ગ વિધિ થી સંતોષ પૂર્વક કાર્ય કરનાર

**૬, શાસ્ત્રીભુવન, બ્લોક નં.૧૩૨૧૬ ૧ માળે, જબ્રેશ્વર ગલ્લી, બાંણગંગા ક્રોસ રોડ, વાલકેશ્વર, મુંબઈ – ૪૦૦ ૦૦૬**
**પીપળા શેરી, બજારમાં-બાલાસિનોર ફોન : ૦૨૬૯૦ ૨૬૭૦૪૯। Email : gopaljbhatt@yahoo.co.in**
**✆ : ૨૩૬૭ ૩૪૯૯, ૨૩૬૧૩૬૨૨ • મોબાઈલ : ૯૮૨૦૫ ૨૮૦૨૨**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

1 Priyakant K. Desai
Tulshi Mohlla, Holy Chokla
Balasinor - 388255
(Resi) 02690-266721

2 Kachhia Mukund Shantilal,
Building B 108, Kajal Building,
Patel Nagar, Station Road,
Bhayander (West) 401101

3 Dilip S. Parikh/Darshana D. Parikh
8B/41 Navjivan Co.Op.Hus. Soc. Ltd.
11th Floor, Building No. 8,
Flat No. 41, Lamingtion Road,
Mumbai - 400008
Res : 23053242
Office : 22411108 / 22408649
CEll : 9820088830

4 Snehal Chandrakant Doshi
Balaji Complex, 2nd Floor,
Room No. 205,
Behind Bank of Baroda,
T-Umargao, G- Valsad,
Bhilad - 396105
M: 9067607761 / 9924407657

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| નટવરલાલ મોજીલાલ દેસાઈ | ૯૧ |
| નવનીતલાલ ચુનીલાલ કડકિયા (મલમ) | ૮૭ |

**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**

## તેજસ્વી તારલા

૧) પ્રીયલ હીતેન ચંદ્રકાંત પરીખ S.S.Cની પરીક્ષામાં ૯૩ ટકા માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે.

૨) પુજા સમીર પરીખ (જૂનાગઢવાલા) T.Y.BFE ની પરીક્ષામાં કોલેજમાં પ્રથમ તથા યુનીવસીર્ટીમાં બીજો નંબર મેળવી ઉત્તીર્ણ થયા છે.

૩) ધ્રુવી જયસુખકુમાર ધમસાણીયા S.S.Cની પરીક્ષામાં ૯૭ ટકા માર્કસ સાથે ઉત્તીર્ણ થયા છે.

૪) બીંદી સુબાહુ પરીખ LLB ના બીજા વર્ષની પરીક્ષામાં ક્રીમીનોલોજીમાં ઉત્તીર્ણ થયા છે.

૫) દીપીકાબેન સુરેશભાઈ શાહને (ઉજડાવાળા) જન્મભૂમિ દ્વારા યોજાયેલ તેજસ્વીની સ્પર્ધામાં બીજુ ઈનામ પ્રાપ્ત થયું છે.

સંસ્થા દ્વારા ઉપરોક્ત સૌ ભાઈ બહેનોને ખુબ ખુભ અભિનંદન.

## બાલાસિનોર વૈષ્ણવ નગર

આપ સૌને જણાવતા આનંદ થાય છે બાલાસિનોર વૈષ્ણવ નગરની જમીન માટે M.O.U. થઈ ગયું છે. તેની વધુ વિગત માટે મારો સંપર્ક કરવા વીનંતી.

આ પ્રોજેકટ માટે નવી કમિટિની રચના કર્યા બાદ આગળની જાહેરાત કરવામાં આવશે.

**શ્રી સુધીર ધારીઆ (રંગુનવાલા)**
**૯૮૧૯૮૨૯૨૬૬**

R.N.I.No. : 11555/1966 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

JYOTI PUNJ

Vol No. 55 Issue No. 5 August - 2012


## ઉદાસીની ઉદાસીનતા

ઉદાસી પણ પાનખર જેવી એક મોસમ હોય છે. બધાના જીવનમાં આવતી રહે છે. એમા ધમપછાડા કર્યે કંઈના મળે. દાંત ભીસીને એ સમય મકકમતાથી પસાર કરવાનો રહે છે. જ્યાં તક છે. ત્યાં દુઃખ હટાવી સુખપર ટિકમાર્ક કરવાનો છે. મોટેભાગે ઉપર ઉપરથી નોર્મલ તો શું ભડભાદર લોકો શરમના માર્યા અંદરનો વલોપાત ઠાલવતા નથી. પછી કોઈ કાળમુખી ક્ષણે એ પ્રેસરનો બ્લાસ્ટ થાય છે. પણ એક વાત સાફ છે. ‘ગિવ લાઈફ એ ચાન્સ’ મુજબ આપણી જિંદગી આપણી નથી હોતી. કોઈએ હંસાવ્યા છે ત્યારે આપણે મોટા થઈ કાંઈક શીખ્યા છીએ. જગતની જીભ લાંબી છે. પણ યાદશક્તિ ટૂંકી છે. એમને એમ ઉદાસીમાં અને ટેનશનમાં જીવન ટૂંકાવી નાખવાથી વધુ સુખી થવાની ગેરેન્ટી નથી. પણ આપણા સ્વજનોને કાયમી દુઃખી કરવાની ગેરેન્ટી છે. ભૂતકાળનો શોક અને ભવિષ્યની ચિંતાથી હારી ન જવું. રડવું, થાકવું, હાંફવું પણ ભાગવું નહીં. ‘સો ઈફ ડિસ્ટર્બ. કવીક ઈટ આઉટ’ પણ કમ્પલેઈન માટે નહીં. ‘સોલ્યુશન માટે’ એજ જીવન જીવવાની ઉમદા શરત છે.

- સંકલન

**2nd Cover Page**

# વાર્ષિક સામાન્ય સભા



આંતરિક રમતગમતના વિજેતાઓનું ઈનામ વિતરણ તા. ૩૦-૬-૧૨ના રોજ શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ (સંસ્થાની ઓફીસ) ખાતે વાર્ષિક સામાન્ય સભામાં રાખવામાં આવ્યું હતું. આ મીટીંગમાં શ્રી સુરેન્દ્રભાઈ પરીખ (Co.Sponsor) ના હસ્તે વિજેતાઓને ઈનામો આપ્યા હતા.

